એક દીવસમાં

પચ્યાસ લાખ પર પાણી

અને

સુનિતિનો ઉદય. (મનોરંજક વાર્તા)

કર્ત્તા

ડૉક્ટર ચુનીલાલ હરગોવિંદ યાજ્ઞિક (બડોલી નિવાશી)

ચંદ્ર-ધારા—હેડ ઓફીસ.

ઇડર—(મહીકાંઠા)

છપાવનાર

શા. તારાચંદ તલકચંદ.

ચંદ્ર-ધારા બ્રેન્ચ ઓફીસ—બીલોડા (મહીકાંઠા)

ધી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપી.

પાંચકુવા—અમદાવાદ.

પ્રત ૧૦૦૦ પ્રથમાવૃત્તિ.

સને ૧૯૧૪ સંવત ૧૯૭૧.

કીંમત પાંચ આના.

અર્પણ પત્રીકા.

મહંત્ ગુસાંઇશ્રી શંકરગરજી મોહનગરજી
અને શ્રીમાન્ ડૉક્ટર સાહેબ, ઉમીયાશંકર નાથાભાઈ પુરોહિત
ઇડર સ્ટેટ.

આપ વિદ્યાવિલાસી, વિવેકસાગર અને દીલ દરિયાવ દયાળુ છો. ગરિબો પ્રત્યે સારી લાગણી ધરાવી દુઃખીઓનાં દુઃખો દૂર કરો છો અને જેથી આપ બંન્ને શ્રીમાનોની પ્રશંસા આખા ઇડર સ્ટેટમાં તેમ આજુ બાજુ સારી રીતે પ્રસરી રહેલી છે તેથી મારૂ અંતઃકરણ અતિ સંતોષ પામે છે. અને આજ સુધી મારી કદર બુજી જે મદદ કરી છે તેવીજ રીતે આપની દીન પ્રતીદીન સારી લાગણીઓ મારા પ્રત્યે રહે તેવી આશા રાખી આ પુસ્તક આપ શ્રીમાનોને અર્પણ કરૂં છું તો તેનો સ્વીકાર આ આપના સેવકને કૃતાર્થ કરશો.

લી. હું છું
કર્તા.

અનુક્રમણીકા.

પ્રકરણ ૧ લું. આનંદમાં અથડાવું અને લીલાદેવીનો ત્યાગ.

પ્રકરણ ૨ જું. ગાડીમાં અમુલ્ય પ્રાપ્તી ... ...

પ્રકરણ ૩ જું મીત્ર સંવાદ. ... ...

પ્રકરણ ૪ થું. ઇશ્વર ધારે તે કરે—રંકનો રાય. ...

પ્રકરણ ૫ મું. અજાયબ ચીતાર ... ...

પ્રકરણ ૬ ઠું. નવનીધની કપટકળા—અને ગુણકાની પ્રેમજાળ. ... ...

પ્રકરણ ૭ મું. ભયંકર અકસ્માત... ... ...

પ્રકરણ ૮ મું. નજીવી બાબતનું ભયંકર પરિણામ. ...

પ્રકરણ ૯ મું. પાલવા બંદરપર આશ્રિત. ... ...

પ્રકરણ ૧૦ મું. પ્રેમમાં પ્રદર્શન અને ફતેહના ડંકા. ...

પ્રકરણ ૧૧ મું. ઉમંગમાં આગ અને પૈસાની પાયમાલી.

પ્રકરણ ૧૨ મું. પાપનો પશ્ચાતાપ અને સદ્‌નો સત્યાનાશ.

પ્રકરણ ૧૩ મું. લીલાદેવીનું સપડાવું અને ચમ્તકારી દર્પણ.

પ્રકરણ ૧૪ મું. એક બાજુ મારા બે હજાર દેશી ભાઇઓ અને એક બાજુ મારો પ્રાણ. ...

પ્રકરણ ૧૫ મું. અજાયબી ગુપ્તદ્વાર અને સુનિતિનો ઉદય.



એક દીવસમાં પચાસ લાખ પર પાણી.

પ્રકરણ ૧ લું.

આનંદમાં અથડાવું અને લીલાદેવીનો ત્યાગ.

દેખીને નવ યૌવના લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ટની પૂતળી તે ભગવાન સમાન.
(જ્ઞાનતત્વ.)

ગીરગામ લતાપર શોભી રહેલા ભવ્ય મકાનમાં વીસ વરસનો જુવાન સુવર્ણથી જડેલા બ્રશથી પોતાના માથાના વાળનો શેંથો પાડી કોટ પાટલુન બુટ, સ્ટૉકીંગ વિગેરે પહેરી હાથમાં છત્રી લઈ મનમાં અને મનમાં કંઈ બડબડી તેણે ડબીનું ઢાંકણું ઉઘાડયું ચીરૂટ કાઢી પીતાં પોતાના મનમાં "એ શું બોલ્યો વારૂ !" મને આમ ભપકાબંધ નિહાળી મારી વ્હાલી કેવી ખુશી થશે. જરૂર તેના આનંદનો પાર રહેશે નહિ. આનંદ ભરતિના જોશમાં આવી એકદમ મને પ્રેમાલીંગન આપશે ? જરૂર આપશે શા માટે ન આપે મારી પાસેથી તેણે લાખો રૂપિયા બક્ષીસ લીધેલા છે મારા શિવાય અન્ય પુરૂષને ભ્રાતા

જાણુતી હશે ! અરે શું વેશ્યા સ્ત્રીઓનો વિશ્વાસ થઈ શકે ? ના—ના. આતો તેવી છેજ નહિ. શા માટે તેવી હોય મારા કરતાં તેને વધારે કીંમતી ચીજો આપનાર બીજો કોણ હશે ? આવી રીતે પોતાના મનનું પોતે સમાધાન કરતાં આયના તરફ જોતાં માથાના વાળ શોભી શકે તેના માટે સારી ટોપી પસંદ કરવાની ઉત્કંઠા ઉત્પન્ન થઇ એક અને બીજી, ત્રીજી ટોપી કાઢતાં પોતાના લાયક એક પણ ટોપી પસંદ પડી નહિ. અરે ! ચાર તો વાગી ગયા પાંચનો સુમાર થવા આવ્યો જરૂર તે પાલવા બંદરપર આવી હશે. પરંતુ મનપસંદ ટોપી નથી છટ્ નૉનસન્સ વખત શા માટે ગુમાવું છું મારી જન્મગાંઠના દીવસે પાંચ હજાર રૂપિયાની ઝરીની ટોપી લીધી છે તેજ આ ટાઇમે પહેરવી જોઇએ. તુરતજ કબાટ ઉઘાડી ટોપી પહેરી ફરી આયના તરફ જોતાં ટોપી લાયક કોટ પાટલુન સારાં જણાયાં નહિ; તેથી તે ડ્રેસ બદલી બીજો સારો ભપકાદાર ડ્રેસ પહેરી ખટખટ કરતા દાદરનું પગથીયું ચુકી જતાં સામી ભીંતે જઇ અથડાયા. ટોપી માથેથી સરી ગઇ તે છેક રસ્તામાં જઈ પડી. જુવાનનો પીત્તો ઉછળી આવ્યો તુરત હાથમાં આવતા ઘાટીને બે ચાર સોટી મારી ટોપી લાવવા કહ્યું. બ્રશથી ટોપી સાફ કરી માથે મુકી જેવા બહાર નીકળવા જાય છે કે તેમની પત્ની લીલાદેવીએ મધુર વચને કહ્યું સ્વામીનાથ, આપ આજે ઉતાવળા ભભકાબંધ કયાં જાઓ છો વ્હાલા કોઇ દીવસ મને એકલી મુકી આપ બહાર ફરવા ગયેલા નથી પરંતુ હું એક વરસથી જોઉં છું કે આપની પ્રીતિ મ્હારા પ્રત્યેથી દીનપ્રતિદીન કમી થતી જાય છે. વ્હાલા આ રંક દાસીનો કંઇ પણ ગુન્હો થયો હોય તો પ્રીતિ સાથે ક્ષમા કરશો. સ્વામીનાથ ભલે આજે આપ ના કહો પરંતુ હું આપના સાથે આવ્યા

વિના રહેનાર નથી. આજે મારી જમણી આંખ ફરકે છે, જરૂર આજે આપના પર કંઇ વિઘ્ન આવશે એમ માઠા શુકન સુચવે છે. હું આપની છાયારૂપ છું તે કેવી રીતે અળગી થઈ શકું. સ્વામી આપ ખાતરી રાખશો કે આવી રીતે આપના વર્તનથી મારા પ્રાણ આ દુનિયામાં થોડા દીવસ છે, આપની ગુપ્ત હકીકત હું જાણું છું. પરસ્ત્રીના યાર થવાથી આપની જીંદગીની પાયમાલી થશે વ્હાલા આપને હું વિશેષ શું કહી શકું? મારા કરતાં આપ વિશેષ ગુણીયલ છો વળી આપ દાદરનું પગથીયું ચુકી ગયા તેમાં બીચારા ધાટીનો શો વાંક?

આ સાંભળી જુવાનનો પીત્તો તો ખસેલો હતોજ અને આ વળી બળતામાં ઘી હોમ્યા જેવું થયું. “તને કહું છું કે મારી તારે બીલકુલ પંચાત કરવી નહીં તારો દેહ થોડા દીવસ છે તો ભલે આજને આજ વસઈની ખાડીમાં જઇને પડ તેમ છતાં અહીં પસંદ ન હોય તો તારા પીયેર સુરત ચાલી જા તેમાં મને જરા પણ હરકત નથી.” જુવાને ગુસ્સામાં કહ્યું.

સ્વામીનાથ, હું આજે એકાએક આપની સ્થીતિમાં ફેરફાર કેમ જોઉં છું મારૂં ભાગ્ય કેમ ઉલટાય છે. આપનાં કોઇ દીવસ નહિ સાંભળેલાં કટુ વચનોથી મારા દેહનો હાલ નાશ કેમ થતો નથી? મારૂ હૃદય ચીરાય છે, મુઝાઉં છું, ગભરાઉં છું, સ્વામી, દયા કરો, દયા કરો. અરેરે! મારા ભાગ્યમાં શું દુઃખ લખ્યું હશે હું ગરીબ સ્થીતિમાં જન્મેલી ભલે લક્ષાધીપતિ થઈ પણ સુખ શાનું હોય! આપનાં કઠોર વચનોથી આ લાખોની મીલ્કત મને વિષ સમાન લાગે છે. વ્હાલા આપજ વિચાર કરો કે લાખોની મીલ્કતની માલીકી કરતાં એક ગરીબ સ્થીતિની દશામાં જ્યાં પોતાના સ્વામીના મધુર વચનનો વરસાદ વરસ

તો હોય ત્યાં લાખો રૂપિયા કંઇ હીસાબમાં છેજ નહિ. વ્હાલા ભલે આપના સુખનું સાધન બીજુ હોય પરંતુ મારે તો જે ગણુ તે આપજ છો. હું કોના આધારે રહુ આપના કટુ વચનોથી આ સ્થળ મને વિષ સમાન લાગે છે હાય. મારા જેવી નિરભાગીને સુખ શાનુ હોય! સ્વામીનાથ ભલે આપ મને સુરત મોકલો આપની આજ્ઞા ઉઠાવું છું. પરંતુ દીપકની આશાએ પતંગીઆઓ પોતાનો પ્રાણ ખુવે છે તેવી જ મારી સ્થીતિ આપના જોવામાં આવશે. આપ દીપક છો આપની લાગણી મારા પ્રત્યે બીલકુલ જણાતી નથી, આ રંક દાસી આપનું હમેશ રટણ કરતાં દેહ છોડશે. સ્વામી જાઉ છું. આ સ્થળ છોડી હમેશને માટે જાઉં છું. કહેતાં લીલાદેવી રડી પડી.

ભલે આજને આજ ચાલી જા. ઘાટી, આ રંડાને સુરત તેના બાપને ત્યાં મુકી આવ. જુવાને ગુસ્સામાં કહ્યું.

તુરતજ બહાર આવી રૂમાલવતી વિકટોરીઆવાલાને સાન કરી. વિકટોરીઆ આવી ઉભી રહેતાં આપણો જુવાન અંદર બેસી ગયો. ખીસ્સામાં હાથ નાંખતાં ડ્રેસ નવો બદલેલો તેથી એક પણ પાઇ પાસે જણાઇ નહિ. વિકટોરીઆ ઉભી રખાવી બંગલામાં જઇ ત્રીજોરી ઉઘાડી રૂપીયા ૫૦ લાખની નોટો ગજવામાં મુકી વિકટોરીઆવાળાને પાલવા બંદરપર જવા હુકમ કર્યો. એટલામાં એક હેન્ડબીલ વહેંચતો ઘાટી આપણા જુવાનની ગાડીમાં એક હેન્ડબીલ નાખી ચાલતો થયો.

પ્રકરણ ૨ જું.

ગાડીમાં અમુલ્ય પ્રાપ્તી.

જુવાને હેન્ડબીલ વાંચવું શરૂ કર્યું,

આ દુનિયામાં શરીરનું સારી રીતે રક્ષણ કરવું તે દરેક માણસની મુખ્ય ફરજ છે. કારણ કે શરીરની મજબુતાઇથી જે કામ કરવાનું ધારે તે સહેલાઇથી થઇ શકે છે અને તેનાજ માટે બ્રહ્મચર્ય તે ઘણું ઉત્તમ છે. પરંતુ હાલના જમાનામાં બાળલગ્નના બુરા ચાલથી ઘણા એક માણસોએ પોતાની જીંદગી ખરાબ કરી દીધી છે. અને પાછળથી શરીર સુધારવા હજારો રૂપીયા ખર્ચ કરવા પડે છે આપણે નજરો નજર જોઇએ છે કે બ્રહ્મચર્ય પાળવાથી શરીર કેવાં મજબુત થઇ વિર્યનું રક્ષણ થઇ શકે છે. અને વિર્યના રક્ષણથી શરીરનું રક્ષણ થઇ દરેક ઇંદ્રીઓ નિરવીઘ્ને પોતાનું ધારેલું કામ પાર પાડી શકે છે. તેમ વિર્યના સારી રીતે રક્ષણથી શરીરની કાન્તી તેજસ્વી થઇ સાંધાઓ મજબુત બનાવી મનને આનંદ આપી લાંબુ આયુષ્ય બક્ષે છે.

પરંતુ આજકાલના જમાનામાં બ્રહ્મચર્યનું પાલન ન થવાથી ધાતુના રોગો સંબંધી હજારો દરદો ઉત્પન્ન થાય છે. અને તેવા દરદો લગભગ મારી દશ વર્ષની પ્રેકટીસમાં સેંકડે ૯૦) ટકા કમજોરીનાં આવે છે અને તેનાજ માટે ઘણી શોધ કરી ફાયદાકારક ચંદ્ર–ધારા નામની ટોનીક પીલ્સ જાહેરાતમાં મુકવાની જરૂર પડી છે. તે સ્ત્રીપુરૂષોના અસાધ્ય દરદોનો નાશ કરી ઘણાં સારી રીતે સુખી જીંદગી બક્ષે છે.

આ ચંદ્ર–ધારાના સેવન કરનારાઓને કમજોરીથી થતા રોગો

હમેશને માટે દુરસ્ત રહે છે જેવી રીતે કે ગાયત્રીના મહામંત્રથી મનુષ્યોનાં હજારો પાપનો નાશ થાય છે તેમ આ ચંદ્ર–ધારાના સેવનથી મનુષ્ય જાતના અસાધ્ય રોગો પણ જડમુળથી નાશ થઈ જાય છે. ચંદ્ર–ધારા ચાલુ જમાનામાં તાકાત આપનારી દવાઓમાં અગ્રસ્થાને છે. કીંમત ૩૨ ગોળીની ફેન્સી ડબીના રૂપિઆ બે જેવી જુજ કીંમત રાખવામાં આવી છે. જેના માટે મુંબઇથી એ. એસ. સાહ. કંપની ૧૨૩ ભુલેશ્વર સ્ટ્રીટથી લખે છે કે "અમારા અનુભવમાં ચંદ્ર–ધારા ટોનીક પીલ્સ શક્તી આપવા માટે ઘણી ફતેહમંદ નીવડી છે અને આશા છે કે તેજ પ્રમાણે તે ટોનીક પીલ્સની પસંદગી દરેક તરફથી થતિ રહેવી જોઇએ. જરૂર પડે અમારા તરફથી વારંવાર માગણી કરવામાં આવશે પરંતુ હાલ એક ડઝન ડબીઓ વી. પી. પોષ્ટથી મોકલી આપશો." તા. ૪–૫–૧૩.

મી. (વી. ઝેડ પટેલ. નેરોબી (આફ્રીકા) થી લખે છે કે "આપની ચંદ્ર–ધારાની ડબીઓ નંગ વીસ અમોને મળી તે અહીં અમારા મીત્રોમાં તેનો વપરાશ કરતાં ઉત્તમ ફાયદાકારક પ્રસીદ્ધ થઇ ચુકી છે. બીજી એક ડઝન ડબી મોકલવા મહેરબાની કરાવશો" તા. ૫–૯–૧૩

દવા મળવાનું ઠેકાણું

ડાકટર ચુનીલાલ હરગોવિંદ યાજ્ઞિક.

ચંદ્ર–ધારા હેડ ઓફીસ—ઇડર

મહીકાંઠા.

ટી. ટી. શાહ. ચંદ્ર–ધારા બ્રેન્ચ ઓફીસ

ભીલોડા. (M. K.)

પ્રકરણ ૩ જું.

મીત્ર સંવાદ.

જુવાને હેન્ડબીલ વાંચવું પુરૂ કરતાં અરધા કલાકમાં પાલવા બંદર પર ગાડી આવી પહોંચી. પાસે રોકડા રૂપઆ ન હોવાથી ગાડી વાલાને રૂ. ૧૦)ની નોટ હાથમાં મુકી રજા આપી. (વાંચકો આપણા જુવાનનું નામ છબીલદાસ હતુ હવે તેમને આપણે છબીલ-દાસના નામે ઓળખીશું.)

છબીલદાસે પાલવાબંદરના એક બેન્ચ પર પોતાની બેઠક લીધી. અહીં સમુદ્રની કેવી સરસ હવા આવે છે. શ્રીમંતોને હવા માટે આવું સ્થળ ન હોત તો આજનો વાયદો કેમ પુરો થઇ શકત ! હજુ તેને આવતાં ટાઇમ કેમ થગો ! શું આજે આવવાનું તેણે બંધ રાખ્યું હશે ? ના, ના, બંધ શા માટે રાખે ! જરૂર આવવી જોઇએ તેને મારા જેવા શા હીસાબમાં છે ! વાહઃ તેનો શો વૈભવ, આ બધો વૈભવ ભોગવે છે તો પ્રથમ તેનો કોઇપણ બીજો યાર હોવો જોઇએ તે વીના આવો ઠાઠ કેવી રીતે રાખી શકે, મને ધીક્કાર છે કે વેશ્યાની યારીમાં લપટાઇ પ્રીય પત્નીને સુરત મોકલી, આવા વિચારો કરતાં નવનીધલાલની ગાડી આવી પહોચી.

માય-ફ્રેન્ડ મીસ્ટર નવનીધલાલ તમારા કહેવા મુજબ લીલાને આજે સુરત રવાને કરી દીધી છે. પરંતુ આ ગુણકાના પાસમાં સપ-ડાવાથી અરેરે તેની અસંહ્ય લાગણીઓની દરકાર કરી નહિ. મીસ્ટર

તેનો કેવો સ્વભાવ, અને કેવી લાવણ્યતા, કેવી માયા, કોણ જાણે આજે મને ઘડી પણ વિસરતિ નથી. પરંતુ શું કરૂં આ વખતે લાચાર છું પરંતુ તે છબીલી હજુ કેમ આવી નહિ. છબીલદાસે દીલગીરી બતાવી કહ્યું.

મીસ્ટર હમારાં ભાભી લીલાને સુરત મોકલ્યા શીવાય છૂટકો નહોતો. તમે ભોળા માણસ સ્ત્રીઓના સહવાસમાં રહેનારવાલા. પરંતુ લીલા તે બધો ઉપરનો પ્રેમ બતાવનારી. જુવો સાચો પ્રેમતો એજ કહેવાય કે પેલી ઝરીની છત્રી વાળી ગાડીમાં આવે છે. નવનીતે આંગળી બતાવી કહ્યું.

મીસ્ટર હું લક્ષાધીપતિ છતાં ઝરીની છત્રીવાલી ગાડી નહિ, અને આ છબીલી આવા ઠાઠમાં રહે છે વાહ, ઇંદ્રભુવન તો જાણે તેનાજ બંગલે છે. ઇંદ્રરાજાને તેના વૈભવથી પોતાનો વૈભવ ઝાંખો લાગતો હશે. છબીલદાસે આનંદાવેશમાં કહ્યું.

શા માટે ન હોય આપ જેવા લક્ષાધીપતિની દાસી, પછી તેમાં પુછવું શું ? આપની તાબેદારી ઉઠાવવાથી મારા જેવા પણ આ ટાણે શોખ ભોગવે છે. તે બધો આપ જેવા શેઠીઆઓનો પ્રતાપ, નવનીતે હર્ષથી કહ્યું.

તેમાં પ્રતાપ શાનો ? મીત્ર મીત્રનું કામ કરે છે. મીસ્ટર જ્યારથી તમે તેનું ઘર બતાવ્યું, ત્યારથી જાણે હું ઇંદ્ર પોતેજ હોઉં તેમ ભાસ થયા કરે છે. પ્રથમ મારી ચાલ ચલગત ઘણી સારી હતી. અને હાલમાં મારી આબરૂ જાહેરાતમાં સારી ગણાતી નથી પ્રથમ આવાં કાર્ય પ્રત્યે ધીક્કાર આવતો. પરંતુ જ્યારથી તમોએ મને આ રસ્તે ચડાવ્યો છે, ત્યારથી મારી લાખોની જીંદગી ખરાબ થાય તો પણ

આવે છે તે છબીલીને હું છોડવા માગતો નથી. છબીલદાસે વૃ-ત્તાંત જણાવ્યો.

એટલામાં તેમના સુમીત્ર સુગુણરાય આવી પહોચ્યા. અને કહેવા લાગ્યા કે "મીસ્ટર છબીલદાસ તમોએ જે વાત કહી તે મેં યથાર્થ સાંભળી છે. હું ખાત્રીથી કહું છું કે તે બાબતનો આપને થોડા રોજમાં પસ્તાવો થશે. તમોએ હમારાં પવીત્ર ભાભીનાં વચનો પર લક્ષ ન આપતાં તેમને સુરત મોકલી આજે પચાસ લાખની નોટો લઇ અહીં આવી ચડયા છો, પરંતુ હું ધારી બેઠો છું કે સાંજના પાછા ઘેર ફરતાં એક પાઇ પણ પાસે રહેનાર નથી. નવનીધલાલે ભલે તમને આ રસ્તે ચડાવ્યા, પરંતુ આ તમારા સફાઇબંધ માથાના વાળ ન હોત તો તમે આ રસ્તે એક વખત જઇ ચડાવ્યા છતાં બીજે વખત જવાનું મન થાત નહિ તમારા મનમાં જો મારી વાત ઉતરતી હોય તો સાંભળો.

પ્રકરણ ૪ થું.

ઇશ્વર ધારે તે કરે—રંકનો રાય.

(પ્રીય વાંચકો, હવે આપણે છબીલદાસ શેઠની મુળ હીસ્ટરી તરફ જરા નજર કરીએ.)

સુરતના રહેવાશી મનમોહનરાય આશરે પંદર વરસની ઉંમરે મુંબાઇ નગરીનો અનુભવ મેળવવા એક રાતના મુંબાઇ જતી મેલ ટ્રેનમાં

ણવાના થવા સ્ટેશનપર આવ્યા. મનમોહનરાયના ભાગ્યને ઉલ્ટાવનારી ટ્રેન પ્લેટફોર્મ પર આવી ઉભી રહી. વૃદ્ધ માતપીતા પુત્રને કોઇ દીવસ વીખુટો ન પાડતાં આજે પોતાના એકના એક પુત્રને પોતાની ગરિબ સ્થીતિને લીધે ટ્રેનના સ્વાધીન કરી રડતા અવાજે બેટા, તારૂ શરીર સાચવજે, પ્રમાણીકપણે ખંતથી ધંધો કરી નીતિને રસ્તે પૈસો મેળવજે બાપુ, આ તારાં વૃદ્ધ માતપીતાના ધોળા કેશને ડાઘ લગાડીશ નહિ હો બાપુ, વિખુટો પાડતાં અમારાં મન બળે છે પણ શું કરીએ? નિર્ધનાવસ્થાને લીધે તેમ કર્યા વિના છુટકોજ નથી. બાપુ તને અજાણ્યા સહવાસમાં ઘણું દુઃખ પડશે, પરંતુ હિંમત રાખી ઉદ્યમ કરી સારી કિર્તી સંપાદન કરજે. પત્ર લખજે હો, એકાંતરે તારા સમાચાર આવવાથી અમારા જીવને શાન્તી થશે, બેટા અમારી ફીકર કરીશ નહિ મહેનત મજુરી કરી પેટનું પુરૂં કરીશું. પછી તો જેમ ઇશ્વરે ધાર્યું હશે તેમ થશે. કર્તા હર્તા પરમાત્મા છે, અનાથના નાથ ઇશ્વર તને મદદ કરશે. બાપુ રસ્તે સાચવીને જાજે હોં કહેતાં વૃદ્ધાના આંખોમાંથી ચોધારે આંસુ નિકળતાં રડી પડયાં.

પીતાશ્રી તમો મારી કંઇપણ ફીકર કરશો નહિ આપના સહવાસોથી મને ખાત્રી થઇ છે કે આપના કુળને હું ડાઘ લગાડીશ નહિ. નિતિથી પૈસો પેદા કરી જલ્દી આવી મળીશ. માતુશ્રી ટ્રેન ચાલવાની તૈયારીમાં છે. આપ જરા બાજુ રહો, આપને ગાડીનો આંચકો લાગશે. કીકીબ્હેનને સાચવજો. બહેન બોલ, તારા માટે શું શું જોઇએ છે. મનમોહનરાયે ગળગળા અવાજે કહ્યું.

ભાઇ બીજું શું માગું ? આપની આરોગ્યતા ઇશ્વર સદા રાખો એજ માગુ છું. તેમ છતાં ભાઇ મારા માટે સારાં સારાં રમકડાં અને

ખાવાનું લાવજો. બાની ફીકર કરશો નહિ. પરંતુ બાઇ મને સાથે લ્યો તો હું તમને સારૂ સારૂ ખાવાનું કરી દઇશ, તમો વિના મને કોણ રમાડશે ? કીકીએ કાલા શબ્દોમાં જણાવ્યું.

બહેન તું નાની છે, તને સાથે લઇ જવાય નહિ, હું ત્યાં ઓરડી લઇ તને અને બાને બોલાવીશ—હો. બાનું કહ્યું કરજે હેરાન કરીશ નહિ. તારા માટે સારૂ ખાવાનુ અને રમકડાં લાવીશ. પીતાશ્રી કીકીને સંભાળજો. કીકી બહેન મને બહુ યાદ આવે છે, કહેતાં રડી પડયો.

બાપુ કીકી માટે કંઇ પણ ચીંતા મનમાં લાવીશ નહિ. તને રડતો જોઇ અમારા જીવ ગભરાય છે, બાપુ પાકીટ સાચવજે, ગ્રાન્ટરોડ સ્ટેશન આવે એટલે ધ્યાન રાખી ઉતરી પડજે. ત્યાંથી તારા વિચાર મુજબ વર્તજે. એટલામાં ગાર્ડની સીટીએ વૃદ્ધોના અંતઃકરણમાં મોટો ધારકો પાડયો પોરટરે ચાલો બાજુ હટો વિગેરેના શબ્દોએ ટ્રેનથી દરેકને દુર કર્યા સીટી વાગી. કેટલાકના દીલમાં ખુશાલી અને કેટલાકના અંતઃકરણમાં ઉદાસની લાગણી કરાવી. એક મીનીટમાં ટ્રેન પ્લેટફોર્મ પરથી પસાર થઇ ગઇ. એક અને બીજુ ત્રીજુ સ્ટેસન જતાં મનમોહનરાયની ચીન્તામાં વધારો થયો હવે મારે કઇ લાઇન પકડવી. ? કોના ત્યાં જવું ? શું સ્થીતિ થશે ? હજુ મારી નાની વય છે વિગેરે ચીન્તામાં ગોથાં ખાતાં નિદ્રાદેવીએ પોતાના પાસમાં સપડાવી દીધો સ્વપ્નાવસ્થામાં પીતાશ્રી જાઉછું હો. તમો વૃદ્ધોને મુકી નિર્દય થઇ જાઉછું શુ કરૂ ! કીકીને સંભાળજો, મારી ફીકર કરશો નહિ, બા મારા ગુન્હા માફ કરજો, ખુશાલીના પત્રો લખતાં રહેજો, વિગેરે

શબ્દો નીંદ્રામાં ઉતાવળા બોલવા લાગ્યો. આ શબ્દો તેમની પાસે બેઠેલા કાનજીભાઇ શેઠ અમદાવાદથી મુંબાઇ જતા હતા તેમણે સાંભળ્યા. જેઓ સુરતથી તેની તમામ હકીકતથી માહેતગાર હતા. તેથી એકા-એક દયાની લાગણી ઉત્પન્ન થઇ છોકરો ચાલાક તેમ હોશીયાર છે જરૂર આવા નિરાધાર બાળકને મદદ આપવી જોઇએ. તુરત મનમો-હનરાયને ઉઠાડી દીલાસો આપી મીસ્ટર તમો ક્યાં જવા માગો છો? કહાનજીભાઇએ કહ્યું.

મારી નિર્ધનાવસ્થાને લીધે મારાં વહાલાં વૃદ્ધોને મુકી—"અરેરે તેઓ હજુ સ્ટેટસનપરથી ચાલીને કણપીઠ બજારમાં પણ નહિ પ-હોચ્યાં હોય કહેતાં રડી પડ્યો.

ભાઇ તુ રડીશ નહિ તારી સ્થીતિ તારાં વચનોથી જણાઇ આવે છે હુ તને મારે ત્યાં રાખી ધંધામાં પ્રવીણ કરીશ. આજથી હુ તને મારા પુત્ર તરિકે માનુછું જો કે મારે કંઇપણ સંતાન નથી તો મારી કુલ મીલકતનો માલીક આજથી તુજ છે કહાનજીભાઇએ દયા બતાવી કહ્યું.

શેઠ વાહ આપના ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ? ઘડી પહેલાં અન્ન વિના રખડતા જીવને ટેકો આપી દુઃખમાં આપ જે મદદ કરવા કહો છો તે કંઇ ઓછુ નથી. મનમોહનરાયે ઉભા થઇ હાથ જોડી કહ્યું.

એટલામાં ગ્રાન્ટરોડ સ્ટેશન આવી પહોચ્યુ. કહાનજીભાઇ શેઠ કહાનજીભાઇ શેઠ, એ શબ્દો બોલતો, એક ગાડીવાલો આવી બારણુ

ઉઘાડી, પોરટર પાસે બંન્નેનો સામાન લેવરાવી, બહાર નીકળ્યા પછી કહાનજીભાઇ તથા મનમોહનરાય ગાડીમાં આવી બેઠા.

આહા; ઇશ્વર તારી ગતિ કેવી વિચીત્ર છે તુ ઘડીમાં રાયને રંક અને રંકને રાય બનાવી દે છે આ ટાણે તેં એક રંક દુઃખી બાળકને સુખના સાગરમાં ઝુકાવી દીધો. આ હકીકત મારાં વૃદ્ધ માતપીતા જાણશે ત્યારે કેવાં ખુશી થશે. આવા વિચારો કરતાં થોડી વારમાં શેઠના બંગલે ગાડી આવી પહોચી. દીનપ્રતિદીન મનમોહનરાય વિદ્યાભ્યાસ કરવા લાગ્યો શેઠે તેના વૃદ્ધ માતપીતા અને ફીકી બહેનને તેડાવી લીધાં. વાહ તેમની શું ઉદારતા ? આવી ઉદારતાઓને લીધેજ આજકાલ મુંબાઇના શેઠીઆઓ ઇંદ્રસમાન વૈભવ ભોગવે છે. મનમોહનરાયનુ સુરતમાં એક કન્યા જોડે લગન કરવામાં આવ્યું ત્યારપછી મનમોહનરાયનાં વૃદ્ધ માત-પીતાએ પોતાનો દેહ છોડી સ્વર્ગમાં હમેશને માટે વાસ કર્યો. કુલ ૭૫ લાખની મીલ્કત સોંપી કહાનજીભાઇ જાત્રાએ ગયા; ત્યાં હરદ્વારમાં તેમનો દેહાન્ત થયો. મનમોહનરાયને એક રત્નરૂપ પુત્ર પ્રાપ્ત થયો તેનુ નામ છબીલદાસ રાખવામાં આવ્યું. છબીલદાસની પંદરવર્ષની વયે હાર્ટ ડીજીઝના ભયંકર રોગથી મનમોહનરાયે પોતાના આત્માને હમેશને માટે શાન્ત પમાડયો. કુલ મીલ્કતનો વહીવટ છબીલદાસ શેઠ ચલાવવા લાગ્યા—

પ્રકરણ ૫ મું.

અજાયબ ચીતાર.

જાહેર ખબર.

ચંદ્ર-ધારા. ટોનીક પીલ્સ અમો વાપરવાની સખ્ત ભલામણ કરીએ છીએ. કારણકે તે રોગી તથા નિરોગીને ઘણીજ ઉપયોગી છે. તેમાં કીમતી ઔષધોની મેળવણી કરી બનાવવામાં આવેલી આ ગોળીઓ અપુર્વ શક્તી આપનારી અને સ્ત્રી પુરૂષોને એકજ સરખી ઉપયોગી છે કે જે

"ચંદ્ર-ધારા"

ખીલતિ જુવાની, લાંબુ આયુષ, શરિરની કાન્તી વધારવામાં, તવાઈ ગયેલા અને ફીક્કા પડી ગયેલા ચહેરાને લાલ ગુલાબી બનાવવામાં, શરીરના સાંધા મજબુત કરવામાં શારીરીક અને માનસીક શક્તીઓને વધારવામાં, વિર્યને જથ્થાબંધ એકઠુ કરી લાંબા વખત સુધી ટકાવી રાખવામાં ખાસ ઉપયોગી છે. તેના ખરાપણાનુ સરટીફીકેટ ચંદ્ર-ધારા વાપરવાથી તેજ ખાત્રી કરી આપશે. ફક્ત બે વરસમાં ભારે અણધાર્યો ઉઠાવ થયો છે એક બીજાની ભલામણોથી ઉપરાઉપરી ખપત થતિ જાય છે એજ એના ખરાપણાનુ સરટીફીકેટ છે.

"ચંદ્ર-ધારા"

બદહજમી મટાડી પાચનશક્તી સુધારે છે અને મંદ પડી ગયેલી ગ્રાહકશક્તીને તિવ્ર બનાવી. કોઇપણ કારણથી પ્રાપ્ત થયેલા

નપુંશકપણાનો નાશ કરવા સારી શક્તી ધરાવે છે કે જે ચંદ્ર—ધારાના ખાસ ગુણ એ છે કે

"ચંદ્ર—ધારા"

વાપરવાથી પેશાબમાં, સ્વપ્નામાં, અગરતો બીજા ગમે તે આડે માર્ગે વિર્ય વખતોવખત જવાથી ઉત્પન્ન થયેલા ધાતુક્ષીણુતાના દરદને જડમુળથી નાશ કરી અતિ મરદાન્ગી બક્ષે છે ચંદ્ર—ધારા દરેક રૂતુમાં વાપરી શકાય છે ગોળી ૩૨ ની ફેન્સી ડબી કીંમત રૂપિઆ બે કે જેના માટેઃ—

૧. ઇડર સ્ટેટની વડાલી ડીસ્પેન્સરીના સુપ્રખ્યાત ડાક્તર સાહેબ ઉમીયાશંકર નાથાભાઇ પુરોહિત અભિપ્રાય આપેછે કે તમારી ચંદ્ર—ધારાની ડબીઓ અમોએ ઘણા દરદીઓને વાપરી ખાત્રી કરી છે તો તે લખ્યા મુજબ દરદોમાં ધાર્યા મુજબ ફાયદા વધારેકર્ત્તા જણાય છે

૨. નામદાર ચાંદરણી ઠાકોર સાહેબ શ્રી દોલતસિંહ સાહેબ પોતાના અભિપ્રાય સાથે લખે છે કે આપની ચંદ્ર—ધારા ટાનીકપીલ્સ અમોએ વાપરી અનુભવ મેળવ્યો છે જે બીજી ટૉનીક પીલ્સ કરતાં આ ચંદ્ર—ધારા ઉત્તમ ફાયદાકારક છે અને પાચનશક્તિ સુધારવામાં અગ્રસ્થાને છે એવી અમોને ખાત્રી થઇછે તો બીજી ૭ ડબી મોકલી આપશો તા. ૧૦—૧૦—૧૩ મુ. ચાંદરણી

મળવાનું ઠેકાણું—

૧ ડૉકટર ચુનીલાલ હરગોવિંદ યાજ્ઞીક
પ્રાઇવેટ ડીસ્પેન્સરી એન્ડ ચંદ્ર—ધારા હેડ ઓફીસ—ઇડર

૨ ટી. ટી. શાહ. ભીલોડા
ચંદ્ર—ધારા બ્રેન્ચ ઓફીસ
મહિકાંઠા.

પ્રકરણુ ૬ ઠ્ઠું.

નવનીધની કપટકળા અને ગુણકાની પ્રેમ જાળ.

આ સઘળા સંસારની રમણી નાયક રૂપ,
તે ત્યાગી લાગ્યુ બધું સઘળુ એક સ્વરૂપ.
(જ્ઞાનતત્વ)

છબીલદાસે વીસ વરસની ઉમરે બી. એ. ની પરીક્ષા પસાર કરી સુરતમાં એક ગરીબ સ્થીતીની સુકન્યા જોડે લગ્ન કર્યું. જેનું નામ લીલાદેવી હતું પતીવ્રતા ધર્મથી ખંતથી સાચવનાર, શાણી, ભણેલી અને ગુણીયલ હતી. છબીલદાસનો પ્રેમ તેણે સારી રીતે સંપાદન કરી લીધો તેમ દીન પ્રતીદીન છબીલદાસ તેને વિશેષ ચાહવા લાગ્યો. લીલાની અતિ લાવણ્યતા અને રૂપ એક પરીની માફક દીવસે દીવસે પ્રકાસવા લાગ્યાં. તેના મીઠા સ્વભાવથી હરેક નોકર ચાકર અને સગાં વહાલાંમાં સારી પ્રસંશા થવા લાગી. આ પ્રસંશાથી અને તેના રૂપમાં લીન થઇ, તેના સામે નવનીધ કરીને એક શખસ રહેતો હતો. તે લીલાને પોતાના પંજામાં સપડાવવા યુક્તિઓ રચવા લાગ્યો. લીલા કેવી યુક્તિથી સપડાય! હા, સપડાશે. શા માટે નહિ સપડાય? શું હું છબીલદાસ કરતાં ઉતરૂ તેમ છું? આ મારી ફાંકડી મુછો પર જરૂર મોહીત થશે. છબીલદાસની મીત્રતાઇ કરી જરૂર તેના બંગલે આવજા કરીશું. અને શેઠને ગુણકાના પ્રેમ-પાસમાં સપડાવી લીલાને કબજે લઇશ. આવા અનેક તરંગ નવનીધ કરવા લાગ્યો. એટલામાં સામી બારીએ છબીલદાસને જોતાં મી. છબીલદાસ તમો શું આખો દીવસ

બંગલામાં રહ્યા કરો છો? સ્ત્રીઓના અતી સહવાસથી આપને ઠીક લાગતું હશે? શા માટે ઠીક ન લાગે. મારાં લીલા ભાભીની લાવણ્યતામાં શું ખામી છે. જરૂર તેમણે તો તમને પ્રેમપાસમાં સપડાવી દીધા હોય તેમ જણાય છે નવનીધે મશ્કરી કરતાં કહ્યું.

નવનીધલાલ તમારૂં બોલવું ખરૂં છે, પરંતુ તમો હમારે ત્યાં આવતા જતા નથી, તે પછી કોના પાસે બેસવું. આપ કેઇલી અહી આવો તોજ મારા મનને કંઇ શાન્તી વળે. તેમજ સ્ત્રીઓનાં સુખ પોતાના સ્વામીનુંજ હોય છે. આપણે જ્યારે તેને પ્રસન્ન ન રાખીએ, ત્યારે તેને આપણા શીવાય બીજુ કોણ છે. જુઓ શાસ્ત્રમાં કહ્યું છે કે, "જે કુળમાં સ્ત્રીઓ દુઃખથી શોકાતુર રહે છે. તે કુળનો જલ્દી નાશ થાય છે. અને જે કુળમાં હમેશાં સ્ત્રીઓ પ્રસન્ન રહે છે તે કુળની વૃદ્ધિ થતી જાય છે. અથવા તે ઉચ્ચું હું" તેથીજ મારો વીચાર તેને હમેશાં પ્રસન્ન રાખવાનો છે. છબીલદાસે પ્રત્યુત્તર વાળ્યો.

મીસ્ટર આપનું કહેવું યથાર્થ છે પરંતુ આજે આપનો વિચાર હોય તો ચૌપાટી પર ફરવા જઇએ કારણ કે દરરોજ વૈદક નિયમાનુસાર સાંજના દરિયાની ચોખ્ખી હવા લેવાથી તંદુરસ્તીમાં વધારો થાય છે. નવનીધે લાગ જોઈ આતુરતા બતાવી કહ્યું.

તમારી મરજી છે તો તૈયાર થઇ આવો ગાડી જોડવા રામાને ખબર આપુ છું. છબીલદાસે કહ્યું.

સ્વામીનાથ એ નવનીધની સંગત આપ કરશો તો પાછળથી પસ્તાવું પડશે તેનાં આચરણો મને સારાં લાગતાં નથી હું કોઇ વખત અગાસીમાં બેઠી હોઉં તો તે તાકીને જોયા કરે છે. તેના તર-

ફથી મને ઘણો ભય રહે છે તેમ છતાં આપની ધ્યાન પોચે તે ખરૂં લીલાદેવીએ છબીલદાસ પ્રત્યે કહ્યું.

વ્હાલી ભલે તેનાં આચરણો ખોટાં હોય પરંતુ શું કંચનને ડાઘ લાગતો હશે ! કંચન તે કંચન રહેશે આપણે તેના વિચાર મુજબ ક્યારે ચાલવાનું છે. છબીલદાસે પ્રત્યુત્તર વાળ્યો.

સ્વામી કંચન તે કંચન રહેવાનું પરંતુ કોલસાની દલાલીમાં કાળા હાથ થયા વિના રહે નહિ. આપ ખરાબ રસ્તે ચાલશો નહિ તેવી મને સંપુર્ણ ખાત્રી છે પરંતુ ખરાબ માણસની સોબતમાં વધારે સહવાસથી બહાર સારી આબરૂ ગણાય નહિ કલાલની દુકાનમાં દુધ પીતા હોઇએ પરંતુ તે દારૂમાં ગણાશે, કંચન તે કંચન રહી શકે પરંતુ ડાઘ લાગેલા કંચનનો બજારમાં ખાત્રીથી ભાવ થઇ શકે નહિ જ્યારે તેની પરિક્ષા કરવા અગ્નીમાં નાખી તપાવી કસોટી કરે ત્યારેજ ખાત્રી થઈ શકે લીલાદેવીએ કહ્યું.

વ્હાલી તારૂ કહેવું યથાર્થ છે છતાં ફક્ત આજેજ જઇ કાલથી તેનો સબંધ રાખીશું નહિ છબીલદાસે પ્રત્યુત્તર વાર્યો.

એટલામાં ગાડી જોડી રામાએ હાંક મારી છબીલદાસ અને નવનીધ ગાડીમાં બેસી ગાડીવાલાને ચોપાટીપર જવા હુકમ કર્યો. પાકલાકમાં ચોપાટીપર આવી પહોચ્યા. લેરે ગંડેરી, કુરપી મલાઈ, આઇસક્રીમ, સુડા ગરમ, લેમનસોડા, વીગેરે શબ્દોએ વેચવા વાલાઓએ મેદાન ગજવી મુકયું હતું ત્યાં થોડો નાસ્તો કરી પાછા ફરવા ગાડીમાં આવી બેઠા. મીસ્ટર અહીંથી દસ મીનીટના રસ્તે મારા એક સગાનું ઘર છે મારે મલવાની ઘણી આતુરતા છે તેથી મહેરબાની કરી તે તરફ ગાડી નાલાને જવા હુકમ કરશો! નવનીધલાલે આતુરતા બતાવી

કહ્યું. છબીલદાસે કંઇપણ પ્રત્યુત્તર ન આપતાં મૌન ધારણ કરી, નવનીધના કહેવા મુજબ ગાડીવાલાને ગાડી લઇ જવા કહ્યું. દશ મીનીટમાં એક ભવ્ય મકાન આગળ નવનીધલાલે ગાડી ઉભી રખાવી, બન્ને જણા દાદર ચઢી એક વિશાળ હૉલમાં દાખલ થયા. ત્યાં એક ઝરીથી અને મખમલથી મઢેલા કોચપર પરિના જેવી એક ખુબસુરત ઓરત જેની ઉમ્મર પંદરથી સત્તર વર્ષની અટકળી શકાય તે જોવામાં આવી, જેને ચાર દાસીઓ પવન નાખી રહી છે તેમાંથી એક પાન સોપારી લાવી હાજર કરી. દરેક ઠેકાણે ઝરીથી મઢેલી ચીજ શીવાય કંઇ પણ નજરે પડતું નહોતું, નવનીધના ઇસારાથી તે પરિ જેવી ઓરત વિજળીના ઝબકારાની માફક ઉઠી. પધારીએ આપને અહીં પધારતાં આપના કોમળ પગને તસ્તી લેવી પડી હશે આ દાસી આપની સેવા બજાવવા તૈયાર છે. વિગેરે શબ્દો બોલતી બંન્નેને કોચપર બેસાડવાની ઇચ્છા દર્શાવી.

છબીલદાસ આ બધું જોઇ અજાયબ થયો કોઇ દીવસ નહિ જોયેલા અનુભવથી અજાયબ થઇ અરે ! હું આ શું જોઉં છું ? લક્ષાધીપતિ છતાં મારે આટલો વૈભવ નહિ અને આ વળી નવનીધનું સગુ કોણ હશે ? આ વૈભવ આગળ મારો વૈભવ કંઇપણ હીસાબમાં નથી વિગેરે વિચારોમાં મૌન થઇ રહ્યો.

નવનીધલાલ આ તમારા મીત્ર કેમ કંઇ બોલતા નથી ! શું ! મારા આદરસત્કારમાં ખામી જણાય છે ? તેમ છતાં ખામી હોય તો આ રંક કીંકર દાસીને ક્ષમા કરશો. છબીલીએ છટાથી કહ્યું.

નવનીધલાલના સગાંમાં શું ખામી હોય ? પરંતુ હું જાણવા માગુ છું કે નવનીધને આપ શું સગા થાઓ. છબીલદાસે કહ્યું.

સગાં એ શું ? આપ આ જુવો છો તેથી સગાઇની પરિક્ષા કેમ

કરી શકતા નથી ! હું ધારૂં છું કે આપ આપનો બંગલો છોડી બીજા સ્થળે ગએલા નથી.

અનુભવ મેળવ્યા સીવાય આપને મઝા શાની પડે. વ્હાલા નવનીધલાલ મારો નોકર છે. આપને તે દીવસ મેં જોયેલા ત્યારથી આપનું રાતદીવસ રટણ કરતાં આ મારૂં કોમળ શરીર સુકાઇ ગયું છે. આપને મેળવવા ઘણા દિવસથી આતુરતા હતી. તે આજે મારો પ્રયત્ન સફળ થયો. વ્હાલા, આ દાસીને હવે આપની કરી લેશો. મને તરછોડશો તો જળ વિનાના મીનની માફક મારી ગતિ થશે, છબીલીએ તેના ગળામાં કોમળ હાથ નાખતાં કહ્યું.

ગળામાં હાથ પડતાની સાથે છબીલદાસ પાંચ કદમ દુર ખસી ગયો, અરે ! પાછાં હઠો તમારા વર્તનથી તમો ગુણકા હોવ તેમ લાગો છો. હું આ શું જોઉં છું ! ખરેખર મારો પ્રીયાના કહેવા મુજબ થયું. નવનીધ મારે જવાનો ટાઇમ થયો છે તેથી હું જાઉં છું છબીલદાસે દાદર ઉતરતાં કહ્યું.

પરંતુ જેમ વાઘણ મૃગને ઘેરે, તેમ ગુણકાએ છબીલદાસને મોહપાસમાં સપડાવી દીધો. એક અને બીજો ત્રીજો કલાક થતાં સુધી છબીલદાસ પોતાના બંગલે જવાની વાત કરતા નથી આ લાગ જોઇ નવનીધ શેઠની ગાડીમાં બેસી છબીલદાસને બંગલે આવી લીલાદેવીને કહેવા લાગ્યો કે છબીલદાસ શેઠ મારા ના કહેવા છતાં તેમની રખાયત ગુણકાના બંગલે ગયા છે. તમો ધારો છો કે શેઠનો પ્રેમ મારા પ્રત્યેજ છે પરંતુ આ જોતાં તેમણે કેટલા દીવસથી ગુણકાનો પ્યાર સંપાદન કર્યો હશે, નવનીધે કટાક્ષ નજરે લીલાદેવી પ્રત્યે કહ્યું.

નવનીધ આ તમે શું બોલો છો ? મ્હારૂં હૃદય ચીરાય છે,

જીવ ગભરાય છે, તમો બોલો છો તે કોઇ કાળે બનેજ નહિ. આ તમારાં કાળાં કૃત્ય હોવાં જોઇએ તમારી નિતિ બગડેલી લાગે છે. પરંતુ યાદ રાખજો કે તમારા વિચારો મનમાં રહી જશે ભલે તમે શેઠને ગુણીકાના પાસમાં સપડાવી મને તરછોડવાની યુક્તી રચી હશે, પરંતુ તમારી કરેલી યુક્તીમાં ફાવી શકનાર નથી લીલાદેવીએ ક્રોધમાં કહ્યું.

શેઠ ભલે ગુણકાના પાસમાં સપડાયા તો તમે પણ રસ્તો શોધી લ્યો. આ નવનીધ તમારા માટે તૈયાર છે. મારા કહેવા મુજબ નહિ માનો તો યાદ રાખજો કે તમારૂં સત્યાનાશ વાળનાર નવનીધ હાજર છે. લીલા તરફ જતાં નવનીધે કહ્યું.

સણુર દુષ્ટ પાપી ચંડાળ દુર રહે. મારૂં અહીં કોઈ નથી. તો પણ મારૂ પતિવ્રત તને બાળીને ભસ્મ કરશે. તારાપર કાળચક્ર ફરે છે તે તને છોડનાર નથી, સતી સ્ત્રીઓપર આંખ પણ ઉંચી કરવાનું સમર્થ નથી. મારૂં વચન છે કે, પાપી તારો પ્રાણ તે ગુણકાના હાથે હજો. ચાલ અધમ દુર જા. લીલાએ ક્રોધમાં કહ્યું.

લીલા લીલા તું યાદ રાખજે કે ત્હારૂં સત્યાનાશ વળશે. ત્હારા તરફથી આવો જવાબ મળશે. તે સ્વપ્ને પણ મને ખ્યાલ ન હતો, તું માની જા. આવો લાગ તને કોઇ કાળે મળનાર નથી. નવનીધે આતુરતા બતાવી કહ્યું. એટલામાં દાદર ખખડયો. રામો ચા લેઇ આવ્યો. તુરત નવનીધ અગાસીપરથી નીચે કુદી પડી છબીલદાસને જઇને મળ્યો.

છબીલદાસ રાતના બાર વાગે આવી પહોંચ્યા. લીલાએ ક્યાં ગયા હતા ? ટાઇમ કેમ થયો ? વીગેરે પ્રશ્નો પુછતાં જવાબ ન મળ-

વાથી હાલ આ બાબતમાં મૌન્ય રહેવું ઉચીત ધારી બેસી રહી. આવી રીતે લગભગ એક વરસ ચાલ્યું. દીવસે દીવસે છબીલદાસની પ્રીતી લીલાદેવી પ્રત્યેથી કમી થવા લાગી. તેમ એક બાજુ લીલાને તરછોડવા નવનીધ યુક્તીઓ રચવા લાગ્યો. તેમાં છેવટની યુક્તો ૧ લા પ્રકરણમાં જણાવ્યા મુજબ થઇ. અને તેજ રાતના લીલાને સુરત જવા બંદોબસ્ત કરવામાં આવ્યો.

પ્રકરણ ૭ મું.

ભયંકર અકસ્માત.

અરેરે ! મોટા ભયંકર જંગલી જનાવરોમાં રહેવું સારૂં પરંતુ જ્યાં પોતાના સ્વામીની માયા નહિ ત્યાં રહેવું અગ્નીરૂપ લાગે છે. તેમ છતાં આજે મને તરછોડવામાં આવી. પરમાત્મા તારી ગતિ વાચીત્ર છે સત્યને રસ્તે ચાલનારને તું દુઃખી કરે છે. કેમ ભુલુ છું સત્ય તે સત્ય જ છે પરમાત્માનો તેમાં શું દોષ ! પુર્વ જન્મના કર્માનુકુળ ભોગવવું પડે છે હાય હવે હું શું કરૂં. પાપી નવનીધ તારા વચનને તાબે થઇ નહિ તેથીજ તેં મારી આ દશા કરી. મારા સ્વામીને અવળે રસ્તે ચડાવી મારૂ સત્યાનાશ વાળ્યું. પાપીષ્ટ તને રૂંવે રૂંવે કીડા પડશે. વિગેરે શબ્દો બોલતી અફસોસ કરતી એક પાકીટ લઇ રાતની ટ્રેનમાં સુરત જવા નીકળી. ગ્રાન્ટરોડના સ્ટેશને લીલાદેવીની કાળરૂપી ત્રેન આવી ઉભી રહી. ટીકટ લઇ દાખલ થઈ ટ્રેનમાં પોતાની બેઠક લીધી આ વખતનો દેખાવ તેને ભયંકર જણાવા લાગ્યો અરેરે શું દુઃખ પડશે એટલામાં સીટી વાગી ટ્રેન ઉપડી અંધારી

કાળરાત્રી વેરણુ થઇ પડી. પરંતુ કંઇ ફીકર નહિ મારાં માતપીતાને મળી તેમને સુરત તેડાવીશ. પીતાશ્રીના કહેવાથી કંઇ લાગણી થશે જોકે તેઓ ગરીબ છે પરંતુ તેમનું કહેવું માન્ય કરશે વિગેરે વિચારોમાં મુંજાવા લાગી. મારાપર શું વિતશે તેનુ તો તેને બીલકુલ ભાન નથી ટ્રેન પણ ધુ, ધુ, ધુ, કરતી ચાલી જાય છે.

તેવામાં એન્જીનમાંથી નિકળતા એક કાળરૂપી. બળતો અંગારો ભારખાનાના ડબ્બામાં આવી પડયો પવનના ઝપાટાથી ટ્રેનના એક પછી એક ડબા સળગવા લાગ્યા ગાર્ડે ટ્રેન થોભાવવા પ્રયત્નો કર્યા પરંતુ ડ્રાઇવરે પુર જોશમાં ટ્રેન છોડી દેવાથી કંઇ માલુમ પડી શકયુ નહિ. પેસેન્જરો એક પછી એક અગ્નીએ દાઝવાનું દુઃખ સહન ન થઇ શકવાથી ચાલતી ટ્રેને પડવા લાગ્યા. બીચારી લીલાદેવીપર આ ભારે સંકટ આવી પડયુ જમીનપર પડવાથી જરૂર પ્રાણ જશે તો આ સંકટમાંથી મુક્ત થઇશ. છતાં પ્રાણ ન ગયા તો? અતિ સંકટ વેઠવું પડશે. આમ વિચાર કરી લીલાદેવી જેવી ટ્રેનમાંથી પડવાની તૈયારીમાં છે તેજ ટાઇમે ટ્રેન નદીના પુલપરથી પસાર થતિ હતી. બીચારી દુઃખી લીલાદેવીએ એક મીનીટમાં પોતાનુ કોમળ શરિર સરિતાના પ્રેમપાસમાં ઝોકાવી દીધું.

પ્રકરણ ૮ મું.

નજીવી બાબતનું ભયંકર પરિણામ.

પ્રકરણમાં ૩ જા માં છેવટની લાઇનમાં જણાવ્યા મુજબ સુબોધરાય છબીલદાસને પાલવાબંદરપરથી શીખામણ દેવા લાગ્યા.

"છબીલદાસ શેઠ તમને હુ પ્રથમ જોતો ત્યારે તમારે માથે શીખા શીવાય બીજા વાળ રાખતા નહિ અને તેવી સ્થીતિમાં તમો તમારી સુખે જીંદગી ગુજારતા પરંતુ જયારથી તમે આ માથે વાળ રાખ્યા. ત્યારથી આ દશાએ આવી ચડયા જુવો આ બાલને દરરોજ સાફ કરવા સાબુ સેંટ જોઇએ છે. અને સારાં ઉચી કવોલીટીનાં તેલ અતરો વાપરતા થયા. શેંથો પાડી આરીસામાં જોતાં તમારો ચહેરો શોભાયમાન જણાવા લાગ્યો. અને તે શોભાયમાન ચહેરાને શણગારવા સારી ભપકાબંધ ઝરીની રૂ. ૫૦૦૦ ની ટોપી લાવવી પડી અને જેવી ઝરીની ટોપી તેના પ્રમાણમાં સારાં કીમતી કોટ પાટલુન, રૂમાલ છત્રી બુટ સ્ટૉકીંગ વિગેરે જથાબંધ રાખવાં પડયાં અને જરા કપડે ડાઘ પડે કે તુરત વોશીંગ કુંપની વાલાની દુકાનો ભરવા લાગ્યા. હવે સારા ભપકાદાર ડ્રેસથી તમારાથી બંગલામાં બેસી રહેવાયું નહિ તેમ પોતાનો ચહેરો તથા ડ્રેસ છબીલી ગુણકાને બતાવવાનું વારે ઘડી, મન થવા લાગ્યું રાત દીવસ તેના પ્રેમ–પાસમાં રહેવા લાગ્યા તેમ ગુણકાને તમારા ડ્રેસને શોભે તેવા કીમતી ડ્રેસો તમારા શોખની ખાતર આપવા લાગ્યા અને તેની પાછળ હજારો રૂપિઆનુ ખર્ચ કરવા લાગ્યા. આ બધાનું પરિણામ જયારથી તમો માથે સફાઇબંધ વાળ રાખતા થયા. ત્યારથી આ દશાએ આવી પહોંચ્યા અને વડીલો ઉપાર્જીત દ્રવ્યમાંથી લાખો રૂપીઆ ગુમાવ્યા. આપણે તો મીત્ર તરીકે જે કહેવાની ફરજ હતી તે કહી સંભળાવી. કારણ કે બહાર આપની આબરૂના કાંકરા થવા લાગ્યા છે. પછી તો આપ શેઠીઆ છો. આપને યોગ્ય લાગે તે ખરૂ. વારૂ " શેઠ ગુડ બાય.

સુગણે કહ્યું તે એકેક વર્ડ મારા માટેજ છે અને વળી વાળ

વીશે જે ચર્ચા કરી તે તો નવનીધ મારા મગજમાં ઉતરે છે. કારણ કે જ્યારથી મેં આ સફાઇબંધ વાળ રાખ્યા. ત્યારથીજ આ પ્રમાણે શોખ વધવા લાગ્યો જેથી આજ એક વરસમાં લાખો રૂપિયા ગુમાવ્યા. અરે હવે જરા કપડે ડાઘ પડે છે કે તુરત વોશીંગ કંપની વાળાને આપવાં પડે છે. જેનાં આજે બીલ આવ્યાં છે તે જરા વાંચી જુઓ. વોશીંગ કંપની વાળાનું એક માસનું બીલ રૂ. ૭૦૦નું આવ્યું છે. સેંટવાળાનું બીલ ૫૦૦ રૂપીઆ, સાબુવાળાનું બીલ ૧૦૦ રૂપીઆ, કાપડવાળાનું બીલ ૪૦૦૦ રૂપીઆ, અને છબીલીનું બીલ ૫૦૦૦ રૂપીઆનું ચુકાવી આપવું પડયું છે. આવી રીતે એક માસનું ખરચ કરવું પડયું. જ્યારથી વાળ રાખ્યા ત્યારથીજ આ શોખ વધવા લાગ્યો. છતાં મીસ્ટર હવે જે રસ્તે ચઢયો છે તે રસ્તો મુકવા મારૂં મન હાલ કબુલ કરતું નથી છબીલદાસે દીલગીરી બતાવી કહ્યું.

તેમાં ઉદાસ શામાટે થાઓ છો. આપ જેવા શેઠીઆઓને આ ખર્ચ શું. હીસાબમાં છે વળી આવી નજીવી બાબતમાં કંજુસાઇ કરશો તો છબીલી પેસવા દેશે નહી. નવનીધે પ્રત્યુત્તર વાળ્યો. એટલામાં છબીલીની રાહ જોતાં એક હેંન્ડબીલ વાંચવું શરૂ કર્યું.

શક્તી માટે ઉત્તમ ગુણવાળી ચંદ્ર–ધારા સઘળા દોષોને શોધી, સુધારી ચોવીસ કલાકમાં, ઢીલી નસોને તંગ બનાવી મનો વાંચ્છના તૃપ્ત કરવાનું અતી સામર્થ્ય બક્ષે છે. માત્ર પખવાડીઆના સેવનથી જીંદગીભર નીશ્ચંત થવાય છે. જેમણે એક વખત—

"ચંદ્ર–ધારા"

વાપરી છે તે આજે સારી રીતે રૂષ્ટ પુષ્ટ બની તંદુરસ્તી ભોગવી આનંદમાં આરામ લે છે, અને વળી,

" ચંદ્ર-ધારા "

સ્ત્રીઓને શામાટે વાપરવી ? કારણ કે,

ચંદ્ર-ધારા—ચહેરાને ગુલાબી બનાવી ચળકાટ આપે છે.

ચંદ્ર-ધારા—પ્રદરના રોગોનો ઉત્તમ ઉપાય છે.

ચંદ્ર-ધારા—માસીક અટકાવ નીયમીત લાવે છે.

ચંદ્ર-ધારા—ગર્ભાશયના તમામ રોગો દુર કરે છે.

ચંદ્ર-ધારા—સુવાવડ પછીના જીર્ણ જવરનો ઉપાય છે.

ચંદ્ર-ધારા—સુવાવડ પછી ઉત્તમ પૌષ્ટીક છે.

ચંદ્ર-ધારા—સુવારોગનો અકશીર ઉપાય છે.

આવી જે ચંદ્ર-ધારા કોણે કોણે વાપરવી ? વિદ્યાર્થીઓએ, લેખકોએ, ઉમેદવારોએ, નોકરોએ, બદહજમીવાલાઓએ, રોગીઓએ નિરોગીઓએ, વૃધ્ધોએ, જુવાનોએ, પુરૂષહીન પુરૂષોએ, શોખીનોએ, વિલાસસુખની ઇચ્છા રાખનારાઓએ, ધાતુપાતના દરદીઓએ, પ્રદરના રોગવાલી સ્ત્રીઓએ, તેમજ સ્ત્રી, પુરૂષોએ ચંદ્ર-ધારા ખાસ કરીને વાપરવી. સ્ત્રીઓએ સુવાવડ અને કસુવાવડ પછી

" ચંદ્ર-ધારા "

વાપરવી કે જે સ્ત્રીઓ કુસુવાવડ અને સુવાવડમાંથી ઉઠયાબાદ સુવારોગથી તેમ કમતાકાતથી બીમાર રહ્યા કરે છે. ખોરાકપર રૂચી થતિ નથી. જીરણ જવર શરીરમાં હમેશાં રહ્યા કરે છે તથા હાથ પગ અને કમ્મરના સાંધાઓ દુખ્યા કરે છે ચહેરો સફેત ફ જેવો થઇ જાય છે. આંખોમાં ફીકાશ જણાય છે, પ્રદરના રોગથી વારે ઘડી પીડાય છે. ત્યારે ચંદ્ર-ધારા ખાસ કરીને વાપરવી તે ઉત્તમ ફાયદાકારક છે. કીમત ૩૨ ગોળીની ફેન્સી ડબી ૧ ના રૂ. ૨) બે. ટપાલખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું:—

ચંદ્ર-ધારા ઓફીસ—ઇડર.

૧ ડાકર રેલ્વે સ્ટેશન માસ્તર મગનલાલ કીશોરભાઇ ચંદ્ર–ધારા માટે પોતાનો અભિપ્રાય આપે છે કે ચંદ્ર–ધારા મારા વતનમાં મારા મીત્રો તરફ એ ડબ્બીઓ મોકલેલી તે વપરાવી ખાત્રી કરતાં પ્રદરના રોગ માટે સારો ફાયદાકર્તા નિવડી છે. તેમ મારા જાતી અનુભવમાં તે શકતી માટે અને પાચનશકતી સુધારવામાં અકસીર ઇલાજ છે.

પ્રકરણ ૯ મું.

પાલવા બંદરપર પ્રાશ્ચિત.

એટલામાં છબીલીની ગાડી આવી પહોંચી. છબીલી ભપકાબંધ ગાડીમાંથી ઉતરી. વ્હાલા મને ટાઇમસર આવતાં વીલંબ થયો તો આ રંક દાસીને ક્ષમા કરશો. છબીલદાસનો હાથ મેલાવતાં છબીલીએ કહ્યું.

વ્હાલી, તેમાં માફી માગવાનું કંઇ પણ કારણ નથી. હોય વખત પણ લાગે. પરંતુ મારા તરફથી હજારો સારા ડ્રેસો આપ્યા છતાં આજે કીમતી ડ્રેસ પહેર્યો નથી તેનું શું કારણ ? છબીલદાસે રોફમાં કહ્યું.

કારણ તો એજ કે તમને મેં રસ્તામાં જતા જોયા હતા તેથી તમારા ઇંદ્ર સમાન દેખાતા ડ્રેસના લાયક એક પણ ડ્રેસ મારા પાસે નહિ તેથીજ આ ડ્રેસ પહેરવાની જરૂર પડી વ્હાલા આપ ભપકાબંધ ડ્રેસ રાખો અને આ દાસીએ વળી કેવાં પાપ કર્યાં હશે કે છેવટે ઓશીયાળ રાખવી પડી છબીલીએ દીલગીર બતાવી કહ્યું.

વ્હાલી તેમાં ઉદાશ શા માટે થાય છે તારી મરજી તેમ હશે તો તે પણ થઇ શકશે છબીલદાસે પ્રત્યુતર વાળ્યો.

ઉદાશ શામાટે ન થાઉં આજે ઘર વાલાના ભાડાનું બારમાસનું બીલ રૂ ૧૦૦૦૦, દાણાવાળા તથા પરચુરણ ચીજો વાલાનું બીલ રૂ. ૧૫૦૦૦૦ અને તેલ અત્તરવાલાનું બીલ રૂ. ૫૦૦૦ નું આવ્યું છે આ બધુ ખર્ચ આપનાજ માટે કરવું પડે છે આપ જેવા શેઠીઆઓની હું રખાયત કરકસર શા માટે કરૂ? ઘર વાળાએ તો વળી નોટીસ આપી છે કે નાણાં તુરત ભરો નહિતો મકાન ખાલી કરવું તેથી મેં વિચાર કર્યો કે આપના બંગલે આવીને રહીશ. છબીલીએ કંઇ દીલગીરી અને કંઇ હાસ્યમાં કહ્યું.

અરે ! બંગલે શા માટે ! જો જે બંગલે કોઇ દીવસ આવવું નહિ ચાલ લે આ ત્રણ લાખની નોટો બીલવાલાને પતાવી દેજે છબીલદાસ ગભરાટમાં ગજવામાંથી નોટો કાઢતાં કહ્યું.

વ્હાલા આ ત્રણ લાખ તો ખર્ચના ગયા. અને મારા પાસે ઝેર ખાવા રાતિ પાઇ સરખી પણ નથી. આપ જેવા શેઠીઆઓની દાસી અરે મારે ભીખ શા માટે માગવી પડે આવી રીતે ભીખ માગવા કરતાં મરણ આવે તો સારૂ. છબીલીએ અફસોસ કરતાં કહ્યું.

વ્હાલી વળી ઉદાસ શામાટે થાય છે લે ચાલ આ પાંચલાખની નોટો આવતા વરસના ખર્ચની કેમ ! હવે ખુશી થઇ ? છબીલદાસે નોટો આપતાં રોફમાં કહ્યું.

વાહ પ્રાણનાથ આપની મુખાકૃતિ જોઇને હું અહોનિશ રાજી છું. અરે અઠવાડીઆ સુધી આપની ખાતર અપવાસ થાય તો પણ સહન કરી શકુ તેમ છું પરંતુ વ્હાલા આ નવનીધ બીચારાને કંઇ આપી ખુશી કરો તો સારૂ. છબીલીએ હર્ષથી હાસ્યમાં જણાવ્યું.

વ્હાલી, તારી મરજી તેમ છે તો લે આ બે લાખની નોટો તારા હાથે તેને બક્ષીસ આપ અને નવ વાગે આપણા મકાનમાં સઘળી સામગ્રી તૈયાર રાખે તેમ સુચના કર; છબીલદાસે નોટો બક્ષીસ આપતાં કહ્યું.

વ્હાલા, આજે કોટના રસ્તાપર નવી કંપની આવેલી છે, ત્યાં જોવા જવાની મારી ઉમેદ છે તો આપની મરજી હોય તો સત્વરે ગાડીમાં બેસો. કારણ કે હવે ટાઇમ થવા આવ્યો છે. છબીલીએ ગાડીમાં બેસતાં કહ્યું અને ગાડીવાલાને કોટમાં નવી કંપનીએ જવા હુકમ કર્યો.

પ્રકરણ ૧૦ મું.

પ્રેમમાં પ્રદર્શન અને ફતેહના ડંકા.

અર્ધા કલાકમાં ફ્રોર્ટમાં આવેલી નવી કંપની પાસે ગાડી આવી ઉભી રહી ત્યાં પ્રદર્શનમાં જેમ કીંમતી નવી ચીજો જોવામાં આવે છે તેમ દરેક ચીજોનુ પ્રદર્શન જોવામાં આવતું હતું એક એકથી ચડતી હીરા, માણેક, ઝરીની ચીજો ગોઠવેલી હતી તે જોઇ છબીલીએ કહ્યું. વ્હાલા, આ ડ્રેસ પહેરી આપની પાસે બેસવા યોગ્ય છે. આપની મરજી હોય તો લેવરાવો.

વ્હાલી તારી મરજી તેમ છે તો ખુશીથી ખરીદ કરો. છબીલદાસે નોટો આપતાં કહ્યું.

ત્યાંથી લગભગ પાંચ લાખનો સામાન લઇ છબીલીના મુકામે આવી પહોંચ્યા.

વ્હાલા હું આપના માટે દુધની રસોઇ કરૂં છું તેટલામાં આ ઉદીચ્ય જીવન માસીક જે આજકાલના જમાનામાં રડવાકુટવા, કન્યાવિક્રય, બાળલગ્ન, નાતવરા, માટે ઉત્તમ લેખોથી લખાયેલું ઘણું સારૂ અને ઉપયોગી માસીક છે. તેમ તેમાંના લેખો ઘણા મનન કરવા યોગ્ય છે. તે વાંચ્યાથી ખાત્રી થશે. ઉદીચ્ય જીવન માસીક આપતાં છબીલીએ કહ્યું.

વ્હાલી, આ માસીક માટે મારા મીત્ર સુગુણરાય પ્રસંશા કરતા તેમ મને તેના ગ્રાહક થવા ભલામણ કરતા હતા છતાં આ ટાઇમે

તમે આ માસીક આપી વિસ્મૃત થયેલી વાત તાજી કરી આપી તે ઘણુજ સારૂ કર્યું. છબીલદાસે માસીક લેતાં કહ્યું.

છબીલદાસે માસિક વાંચતાં જાહેર ખબર તરિકે છુટુ હેન્ડબીલ વાંચવામાં આવ્યું કે જે.

ચંદ્ર-ધારા—નસોની કમજોરી હમેશને માટે દુર કરે છે.

ચંદ્ર-ધારા—પુરૂષાર્થ આમ કરવાની ચાવી છે.

ચંદ્ર-ધારા—નિરાશ બનેલા પુરૂષોને અમૃત છે.

ચંદ્ર-ધારા—વિલાસ સુખનો ફુવારો છે.

ચંદ્ર-ધારા—અશક્તીની માત્ર એકજ દવા છે.

ચંદ્ર-ધારા—ઘડપણમાં જુવાની બક્ષે છે.

ચંદ્ર-ધારા—જતા વિર્યનો અટકાવ કરે છે.

ચંદ્ર-ધારા—વિદ્યાર્થીઓને યાદશક્તી બક્ષે છે.

ચંદ્ર-ધારા—ઉંચામાં ઉંચી ટોનીક પીલ્સ છે.

પણ ચંદ્ર-ધારા—ધાર્યા મુજબ કરશે શું!

ચંદ્ર-ધારા—ફીક્કા ચ્હેરાને ગુલાબી બનાવશે કે?

ચંદ્ર-ધારા—ગુમાવેલી યાદશક્તી તાજી કરશે કે?

ચંદ્ર-ધારા—સ્વપ્ન દોષોને સુધારશે કે?

ચંદ્ર-ધારા—ગયેલું પુરૂષાર્થ પાછું આપશે કે?

ચંદ્ર-ધારા—ઢીલી નસોને તંગ બનાવશે કે?

ચંદ્ર-ધારા—જીર્ણ જ્વરનો નાશ કરશે કે?

ચંદ્ર-ધારા—મરી ગયેલી મરદાઇ પાછી આપશે કે?

ચંદ્ર-ધારા—સ્ત્રીઓને પ્રદરનો પ્રવાહ અટકાવશે કે?

ચંદ્ર-ધારા—સુકાયેલા શરીરને રૂષ્ટપુષ્ટ બનાવશે કે?

ચંદ્ર-ધારા—સાંધાઓને મજબુત કરશે કે?

ડા. જરૂર ખાત્રીપુર્વક વાપરો ચંદ્ર–ધારા તમારા હદી ગયેલા અને સુકાઇ ગયેલા શરીર માટે પરિતાપ થતો હોય તો ચંદ્ર–ધારા વાપરવા ચોક્કસ ઠરાવ કરો જેના માટે—

૧ મહેરબાન ઇડર સ્ટેટના ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સાહેબ લલ્લુભાઇ જેશંકર પોતાનો અભીપ્રાય આપે છે કે શક્તીવર્ધક ચંદ્ર–ધારાની પ્રસંશા મેં અતિશય થતી સાંભળી હતી તેમ વાજીકરણના માટે સૌથી ઉત્તમમાં ઉત્તમ ઔષધી છે તેવું વાતાવર્ણોથી તથા ઉપયોગ કરેલા મહાશયોથી પુરેપરો માહિતગાર હતો છતાં મને ખાત્રી થતી નહોતી કે ચંદ્ર–ધારા ધાર્યા મુજબ ફાયદો આપતી હશે પરંતુ આપના તરફથી એક ડબી ચંદ્ર–ધારાની મળી તે અમોએ જાતે વાપરવાથી ખાત્રી થઇ છે ચંદ્ર–ધારા ટોનીક-પીલ્સ શક્તી માટે અને પાચનશક્તી સુધારવામાં એક અમૃત સમાન છે તેથીજ હું બીજા લોકોને વાપરવા ભલામણ કરૂં છું.

૨ શ્રી મહંત ગુસાંઈ શ્રીશંકરગરજી મોહનગરજી પોતાનો અભીપ્રાય આપી જણાવે છે કે ચંદ્ર–ધારા ટોનીકટેબ્લેઇટસની ડબી એક અમોએ વાપરી ખાત્રી કરી છે કે આ ચંદ્ર–ધારા ધાતુપુષ્ટી માટે અતિ ઉત્તમ અને પાચનશક્તી સુધારવામાં એક કીમતી ઔષધી છે તેમ ગરિબ વર્ગ તેનો લાભ સારી રીતે લઇ શકે તેના માટે જે કીમતી છે તે વ્યાજબી છે.

પ્રકરણ ૧૧ મું.

ઉમંગમાં આગ અને પૈસાની પાયમાલી.

માસીક વાંચવું બંધ કરી ભોજન કર્યા બાદ હાસ્યવિનોદ ચાલી રહ્યો છે. મકાન જાણે ઇંદ્રપુરી સમાન શોભી રહ્યું છે. હારમોનિયમ, સતારના મધુર અવાજોથી મકાન ગાજી રહ્યું છે. એવામાં પાછલા રૂમમાં લેમ્પના બત્તી વધી જવાથી ધીમેધીમે આગ પ્રસરવા લાગી. હારમોનીયમના મધુર અવાજો સાંભળવા આગ પણ બહારના રૂમમાં આવવાનો વેગ ચાલુ રાખી પોતાના ઝપાટામાં આવતી તમામ કીંમતી ચીજોનો શણગાર ધારણ કરી હમેશને માટે પોતાની કરી લીધી. હર્ષના વિનોદથી સુખ-સાગરમાં ઝોકાં ખાતાં છબીલી અને છબીલદાસને બીલકુલ ખબર નથી કે આપણું સર્વસ્વ આગના ભોગ થઇ પડયું છે. બંબાવાલા આવી પહોંચ્યા, નાસો ભાગોના શબ્દો સંભળાવવા લાગ્યા. આ સાંભળી છબીલીએ કહ્યું વ્હાલા ! આ રસ્તામાં ધાંધલ શાની મચી રહી છે ? છબીલદાસે તુરત બારીમાં આવી જોતાં બંબાવાલાઓએ કહ્યું, ઉતરો જલદી ઉતરો તમારૂં મકાન અર્ધું નાશ પામ્યું છે. આ સાંભળી છબીલદાસ ગાભરો બની દાદર તરફ દોડવા લાગ્યો અને જુવે છે તો દાદર બળીને નીચે પડયો હતો. નાશી જવાને રસ્તાની બારી સીવાય જણાયું નહિ બારી પાસે બન્ને આવી ઉભાં રહ્યાં તુરત બંબાવાળાએ નીસરણી મુકી ઉતારી લીધાં. છબીલદાસ જેવો લક્ષાધીપતી શેઠીઓ એક નિચમાં નીચ વેશ્યાની યારીમાં હજારો શેઠીઆઓના જોવામાં આવવાથી ફીટકાર આપવા લાગ્યા. આ બધું

છબીલદાસે મુગે મોઢે સહન કરી બાકુતી ગાડીમાં બન્ને બેસી નાશી છુટી ચોપાટીના મેદાનમાં ગાડી ઉભી રખાવી.

વ્હાલા હું તદન ખુવાર થઇ આપે આઠ લાખની નોટો આપેલી તેમ હાલ નવી ખરીદેલી કીમતી ચીજોનો નાશ થઇ ગયો. હવે મારે આ સમુદ્રમાં પડી આત્મઘાત કરવો જોઇએ. છબીલીએ રડતા અવાજે સમુદ્ર તરફ દોડતાં કહ્યું.

વ્હાલી તારે આવી રીતે નિરાશ થવું જોઇએ નહિ તારૂં સર્વસ્વ ગયું તેની હરકત નથી આપણા સારા ભાગ્યે મારી પાસે ૩ પલાખની નોટો બચવા પામી છે તે લે અને નવનીધને પાસે રાખી બીજો બંગલો ભાડે રાખી તમામ સાહીત્ય હાજર કરી નવનીધ મારફતે મને ખબર આપાવજે. છબીલદાસે નોટો આપતાં કહ્યું.

વ્હાલા આપની આ શું ઉદારતા ? આવી ઉદારતાનો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. હું આપના કરેલા ઉપકારોનો બદલો કેવી રીતે વાળી શકીશ. મારાં ધન્યભાગ્ય કે આપની તાબેદારી ઉઠાવવાની મારા ભાગ્યમાં લખી હશે. વ્હાલા મારી ખાતર આપને લાખોનું ખર્ચ કરવું પડે છે. તો ક્ષમા કરશો છબીલીએ ગળામાં હાથ નાખતાં કહ્યું.

ત્યાંથી છબીલદાસ અને છબીલી છુટાં પડયાં અને રાતના ૧૧ વાગે છબીલદાસ પોતાના બંગલે આવ્યા. લીલાદેવી સુરત જવાના સમાચાર સાંભળી પસ્તાવો કરવા લાગ્યા.

પ્રકરણ ૧૨ મું.

પાપનો પશ્ચાતાપ અને સટ્ટાનું સત્યાનાશ.

છબીલદાસ ઘેર આવી અત્યંત પસ્તાવો કરવા લાગ્યા. અરેરે સુગુણે કહ્યું તેજ પ્રમાણે બાલ રાખવાથી આજે ૫૦ લાખપર પાણી ફરી વળ્યું. તેનો એકે એક અક્ષર સાચો થયો બાલ ઘણા લોકો રાખે છે પરંતુ બાલ રાખી સારા રસ્તે ચાલનાર થોડાજ હશે આજકાલ મારા જેવા શોખની ખાતર બાલ રાખી પૈસાની પાયમાલી કરે છે. હું લક્ષાધીપતિ શેઠીઓ એક નિચમાં નિચ વેસ્યાની યારીમાં લપટાઇ પૈસાની પાયમાલી કરી. મારા જેવા વેશ્યાની યારી કરનારને ધીક્કાર છે. હાય ! હું પ્રથમથીજ સમજ્યો હોત તો આ દશા આવી શકત નહિ. મારી વ્હાલી પ્રીયાનું બીલકુલ કહેવું માન્ય કર્યું નહિ. નવનીધ સારી ચાલનો માણસ નથી તે વિષે બનેલી હકીકત વારંવાર મને કહેતી પરંતુ તેના વ્યાજબી વચનો પર પુરતું લક્ષ ન આપતાં તેનો ત્યાગ કર્યો. પૈસાના અહંકારમાં સુમીત્રનું કહેલું માન્ય કર્યું નહિ. હવે મકાન શીવાય કંઇ રહ્યું નથી. જ્યારથી બાલ રાખી ખરાબ મીત્રની સોબતથી વેસ્યાની યારી કરીત્યારથીજ આ શોખ વધતો ગયો. અરે બાલ રાખવાથી તો સારૂં છે, મગજને ઠંડક આપે છે, માથાનું કવર છે એમ સમજી જેઓ બાલ રાખે છે તેમનું આવું પરિણામ આવતું નથી પણ બાલ રાખી મારી માફક ચાલનારની આ દશા થાય છે. માટે મારા વહાલા બંધુઓ, બાલ ભલે રાખી શોખ ભોગવો પણ સારા રસ્તે ચાલશો તો તમો તમારી સુખે જીંદગી ગુજારશો. વળી નીચમાં નીચ વેશ્યાની યારીથી સદાને માટે દુરજ

રહેશો. કારણકે તેવી વેશ્યા સ્ત્રીઓ સંભાર્યાથી કે દીઠાથી ચીત્ત હરે છે, અને સ્પર્શથી ધન હરે છે, તથા સંયોગથી બળ હરે છે, માટે તેવી સ્ત્રીઓ સાક્ષાત્ રાક્ષસી છે. વેશ્યાની યારી તજવાથી પૈસાની પાયમાલી થતી અટકશે તેમ શરીરના ગરમી પ્રમેહ જેવા ભયંકર જીવલેણુ વ્યાધીઓ થતા અટકશે. હાય, આવી લાગણી પ્રથમથી મારા હૃદયમાં પ્રદીપ્ત કેમ ન થઇ? શાની થાય? જુવાની અને પૈસાના ગર્વમાં વ્હાલી પ્રીયા અને મીત્ર સુગુણના શબ્દોને કોણ ગણતું હશે? મીત્ર સુગુણ તારો એક એક શબ્દ આ ટાણે મને ઘણો કીમતી લાગે છે, મીત્ર તો તારા જેવા જોઇએ. બીજા કપટી, લાલચુ, નવનીધ જેવા મીત્રોને ધીકકાર છે હવે લાલ પાઇ સરખી પણ નથી. પૈસા વિના હવે છબીલી પેસવા દેનાર નથી. ૩૫ લાખ તેને આપ્યા તેમાંથી શું એક પૈસો પણ તે આપી શકે? પરંતુ રૂના સટ્ટામાં દશલાખ ભર્યા છે તેના ૫૦ લાખ જરૂર આવશે. અરે? તે સટ્ટામાં ઉલટા મારે ભરવાના આવશે તો? હું ક્યાંથી લાવીશ? લાવવા ક્યાંથી? ૫૦ લાખ જરૂર આવશે, આજે તે સટ્ટાનો વાયદો છે, તાર થોડી મીનીટમાં આવવો જોઇએ એટલામાં દાદર ખખડયો. જરૂર તાર આવ્યો ૫૦લાખ મલ્યા, આવી જુએછે તો એક બીલાડી દાદર ચડતી જણાઇ તુરત ત્યાંથી બીલાડીપર ગુસ્સે થઇ ઇજીચેર પર બેસી વિચાર કરવા લાગ્યા. શું મારો આંક નહિ આવ્યો હોય? અરે ન કેમ આવે? મને તો ખાત્રી છે કે આવશે આવશે અને આવશેજ કહેતાં ટેબલપર હાથ પછાડતાં ટેબલપરનું લેમ્પ જમીનપર પડવાથી ફુટી ગયું ગ્યાસતેલના છાંટા જ્યાં ત્યાં ઉડયા, શેઠે બીજી ચીમની સળગાવી કાચના કકડા વીણી સાફ કરી પાછા ઇજીચેરપર બેસી વિચાર કરવા લાગ્યા. એટલા-

માં છબીલદાસ મનમોહનરાયનું નામ બોલતાં સાંભળ્યું. બારીએ આવી જુવે છે તો સાઇકલ લઇ એક માણસ ઉભો હતો તેણે કહ્યું, શેઠજી આપલા તાર આલા. છબીલદાસ દાદર ઉતરતાં એક પગથીયું ચુકી જતાં સામી ભીંતે જઇ અથડાયા કપાળમાં લોહીની ધારા ચાલી. તાર વાલાએ કપડું સળગાવી શેઠને શેક કર્યો તાર આપ્યો તુરત તાર લઇ શેઠ દાદર ચઢવા લાગ્યા ઉપર આવી ચશ્મા સાફ કરી લેન્ટર્ન પાસે તાર વાંચવા લાગ્યા. પેન્સીલના અક્ષર શેઠને બરોબર વંચાયા નહિ તેથી તારમાસ્તરપર શેઠનો ગુસ્સો વધ્યો તારમાસ્તરો બધા બેદરકાર છે નોકરી કેમ કરવી તેનું બીલકુલ ભાન નથી. જાણુતા નથી કે છ- બીલદાસ શેઠના સટ્ટાના તારો ચોખ્ખા અક્ષરે લખવા જોઇએ તેમ કહી, લેન્ટર્નની બત્તી જરા વધારે તેજ કરી ફરી વાંચવા લાગ્યા તો નીચેના શબ્દો વંચાયા.

" પચાસ લાખ આવતીકાલે તાકીદે મોકલો તમારો આંક ખાલી" આ શબ્દો વાંચી, એકદમ મૂર્છા આવી ભોંયપર પડયા હવે બચવાનો એકપણ ઉપાય રહ્યો નહિ. છબીલીને ૩૫ લાખ આપ્યા છે, તેમાંથી લાલ પાઇ પણ મલનાર નથી! વળી સવારમાં સાત વાગે નાણું ભર્યા નહિ તો જપ્તી આવી બેસશે આમ વિચાર કરતાં એક વાગ્યો જરૂર સવારમાં ફજેતી થશે. લીલાને પણ આજે ટ્રેનમાં રવાના કરી દીધી. જરૂર છબીલી ૨૫ લાખ પાછા આપશે આવીરીતે વિચાર કરી. શેઠ નવનીધને ઘેર ગયા સટ્ટાની તમામ હકીકત કહેવાથી છબીલીએ અને નવનીધે વિચાર્યું કે છબીલદાસ પાસે હવે કંઇપણ મીલકત રહી નથી ઉલટો આપણા માથે આવી પડશે હવે તેના પાસે એક પાઇ પણ મલે તેમ નથી, માટે હવે તેને અહીંથી દુર કરવો જોઇએ, આવો

વિચાર કરી છબીલી કહેવા લાગી, તમો કોણ છો ? શા કારણસર અહીં આવ્યા છો ? આવી અંધારી રાત્રે તમારો ઇરાદો શું ચોરી કરવાનો છે? સત્વરે ખુલાસો કરો નહિ તો પોલીસના સ્વાધીન કરવામાં આવશે.

છબીલી. છબીલી, વ્હાલી છબીલી. આ તું શું બોલે છે ? પ્યારી તારા માટે એક કલાક પહેલાં ૫૦ લાખનુ પાણી કરી દીધું મારી આપેલી રકમમાંથી ઉછીની થોડી રકમ આપે તો મારી લાજ રહેશે હું તને સવડે પાછા આપીશ સંકટ વખતે મદદ કર છબીલદાસે કરગરતાં કહ્યું.

અરે પ્યારી કહેનાર બદમાસ તુ કોણ છે ? ચાલ અહીંથી દુર જા વખત લાગશે તો ભૈયાપાસે ધક્કા મરાવી પોલીસ સ્વાધીન કરવો પડશે તારા જેવા મવાલી ઘણા રખડે છે. ચાલ જાય છે કે ભૈયાને બોલાવું ભૈયાજીઓ ભૈયાજી કહી છબીલી પાછલા રૂમમાં ગઇ.

છબીલદાસ અફસોસ કરતાં પોતાના બંગલે આવ્યો. લીલા તારૂં કહેલું મને આ ટાણે યાદ આવે છે મારી મીલકત છતાં મને ચોર, મવાલી, કહી કાઢી મુકયો.

જે પુષ્પોમાં સુગંધી હોય તેની પાછળ ભમરાઓ ભમે છે, જે સરોવરમાં જળ હોય ત્યાંજ હંસ બેસે છે જ્યાં લીલુ હોય ત્યાંજ ઢોર ચારો ચરવા આવે છે, એમ જ્યાં સ્વાર્થ સરે તેવું હોય તેનીજ પછવાડે માણસો વીંટાઇ વળે છે બાકી તેના તેજ માણસો હોય પણ જો પોતાના સ્વાર્થ પાર પાડવા તેઓ અશક્ત બન્યા હોય તો તેમનો કોઇ ભાવ પુછતુ નથી.

જે થઇ તે ખરી. પરમાત્મા જે કરે છે તે સારાને માટેજ કરે છે અને સહુઅ ક્રોટી ધીક્કાર છે પોતાનું વ્હાલુ રત્ન ગુમાવી નિયમાં નિચ બેસ્યાની ચારીથી પૈસાની પાયમાલી કરી નાખી. હવે ત્રણનો સુમાર થવા આવ્યો જરૂર ૭ વાગે જપ્તી આવી બેસશે આવા વિચારોમાં ઇજીચેર પર બેસી ન્યુસ વાંચવા લાગ્યા તેમાં ભયંકર અકસ્માતના લખાણુ ઉપર છબીલદાસની નજર ગઈ. "આજે સાંજની સુરત જવા નિકળેલી ટ્રેન સુરત જતાં રસ્તામાં આગના ભોગ થઇ પડી ડ્રાઇવર શીવાય કોઈ બચવા પામ્યું નથી." આ શબ્દ વાંચી ચીંન્તામાં વધારો થયો દુઃખ ઉપર દુઃખનુ વાદળ ચઢી આવ્યું વ્હાલી તુ મારા સદાને માટે ત્યાગ કરી બળતી ટ્રેનના ભોગ થઇ પડી તારા આત્માને શાન્ત પમાડયો અરેરે તારા અંતઃકરણની લાગણીઓ ઉપર તીરસ્કાર કરી તને તરછોડી દીધી તારા પ્રત્યે લેશ પણ દયાની લાગણી દર્શાવી નહિ તેનુંજ આ ટાણે મારે ફળ ભોગવવું પડે છે. વ્હાલી મારી પણ તું થોડા દીવસ રાહ જોજે તને આવી મલુ છું કહેતાં મુર્છા ખાઇ ભોંયપર પડયો એટલામાં સવાર થયું છબીલદાસ મનમોહનરાયનું નામ દેતાં એક ચીફ કોન્સ્ટેબલ અને બીજા ૭ કોન્સ્ટેબલો આવી ઉભા રહ્યા. નાણાં નહિ ભરવાથી જપ્તી દેવાઇ શેઠને તુરત બહાર નિકળવું પડયું અને તમામ સ્થાવર મીલ્કત સટ્ટામાં સાફ થઇ ગઇ અને તેજ દીવસ આફ્રીકા જતી સ્ટીમરમાં છબીલદાસ નોકરી અર્થે રવાના થયા.

પ્રકરણ ૧૩ મું.

લીલાદેવીનું સપડાવું અને ચમત્કારી દર્પણ.

(વ્હાલા વાંચકો હવે આપણે છબીલદાસની પત્ની લીલાદેવીએ બળતી ટ્રેનમાંથી પડતું મુકયું છે. તેને યાદ કરવી જોઇએ.)

લીલાદેવી બળતી ટ્રેનમાંથી જેવી પડવા જાય છે કે તુરત જમીન પર નહીં પડતાં નદીમાં આવી પડી. પરંતુ ઇશ્વર જેને સહાયકર્તા છે. તેને શું જરા પણ આંચ આવી શકે ? નદીમાંથી એક નાવ પસાર થતું હતું તેજ નાવમાં લીલાદેવી આવી પડી નાવને સખ્ત આંચકો લાગ્યો. બુડવાની તૈયારીમાં ખલાસીઓએ નાવને સંભાળી લીધું બેશુદ્ધ થએલી લીલાદેવીની આસનાવાસના કરી. પોતાના મુકામે લાવ્યા આ ખલાસીઓ ચોરીનો ધંધો કરતા હતા. તેમની પાસે આ ભક્ષ આવેલું જોઇ અત્યંત ખુશી થયા. આ લોકોનાં ઝુંપડાં ભયંકર અરણ્યની ડુંગરોની ખીણમાં આવેલાં હતાં. અહીં લીલાની મદદે કોણ આવી શકે તેમ હતું. તેથી લીલાએ પોતાના તમામ દાગીના ખલાસીઓના સ્વાધીન કરી દીધા. આવી રીતે કરવા છતાં ખલાસીઓ તૃપ્ત થયા નહીં. તેમાંથી એકે લીલાદેવીને તેને જોડે લગ્ન કરવા માગણી કરી, જુલમ ગુજારવા લાગ્યા પરંતુ લીલાએ તેમની માગણી કબુલ કરી નહીં, ત્યારે તેને એક છાપરામાં કેદ કરી સખ્ત બંદોબસ્ત રાખી પોતાના કામે લાગ્યા. લીલાને હવે આથી વધારે શું દુઃખ પડવાનું હતું. લીલાદેવી છાપરામાં ભુખી અને તરસી આમ તેમ ફરવા લાગી તેવામાં તેના હાથમાં એક કટાર આવી. તુરત કટાર મ્યાનમાંથી કાઢી અત્યંત

ખુશી થઇ. પરમાત્માએ આ સંકટમાંથી મુકત કરવા કટાર મોકલી હશે. પરંતુ આત્મઘાત કરી પાપમાં શામાટે પડુ. માથે દુ:ખનાં ઝાડ ઉગ્યાં. ચારે તરફ વેરીઓએ વાસ કરેલો છે. શીવ શીવ આત્મઘાતનું પાપતો પાપ પણ શીયલતો સચવાશે મરણુજ દુ:ખનો આરો છે. આ કટાર પેટનું રૂધીર પીવાને આવી હશે. સ્વામી જાઉં છું સદાને માટે હું આપનું રટણુ કરતી જાઉં છું. આ પ્રમાણે વીચારોમાં ગતી સુન્ય થએલી બહેબાકળી ચીતભ્રમની માફક આમ તેમ ઝુંપડામાં ફરવા લાગી. કટાર સામે નજર કરી બોલવા લાગી કે પ્રીય મીત્ર તુંજ વીજય પ્રાપ્ત કરાવનાર છે, તુંજ ટેક સાચવનાર અને વીપતી સમયે લાજને રાખનાર છે. હે પ્યારા બંધુ તારી સહાયતા શીવાય મારૂં શીયળ કોણુ સાચવી શકનાર છે. માટે તનેજ ધન્યવાદ આપુંછું પણુ ભાઇ હજુ બે દીવસની રાહ જો. ત્યાં સુધી આ જગતમાં દુ:ખની હવા લેવા દે. આ પ્રમાણે બોલતી કટારને મ્યાન કરી ગુપ્ત રાખી અને અનેક વીચારોમાં જોડાતી અનેક તુરંગો કરવામાં આવતા હતા. આ બધાનું પરીણુામ નીરાશાજ જોવામાં આવતું છાતીપર હાથ નાંખી. નીસાસા મુકતી લેશ પણુ નીદ્રા આવતી નહતી મરવું તો છેજ મરણુ શીવાય છુટકારો છેજ નહીં. તુરત કટાર પાછો હાથમાં લીધો જેવી આત્મઘાત કરવા પેટમાં કટાર ઘાલવા જાય છે કે તુરત બેન સબુર ધીરજનાં ફળ મીઠાં છે. સાહસ કરશો નહીં કહેતાં એક તરૂણુ સ્ત્રી પાછળથી છાપરાને ચીરીને અંદર દાખલ થઇ બેન તમે મને અટકાવવામાં મોટી ભુલ કરી પાછી સંકટ સાગરમાં નાંખી દુ:ખી કરી આત્મઘાત કરવા દો ? આત્મઘાતજ મારા શીયળને સાચવનાર છે. બેન મને માફ કરજો. આપના વીચારો હું કબુલ કરી શકતી

નથી લીલાદેવીએ રડતાં કહ્યું.

એન આત્મઘાત શા માટે. તમારી માફક હું પણ આ પાપીઓના પંજામાં સપડાઇ છું તમારા તમામ વિચારો આ પાસેના ઝુંપડામાં રહી સાંભળતી હતી. મારી માફક તમને દુ:ખી ધારી એકને બદલે બે થઇશું એમ ધારી તમને મુક્ત કરવા આવી છું માટે જેમ બને તેમ અહીંથી નાશી છુટવું જોઇએ. આ હકીકત ચંડાળ લોકો જાણશે તો ફરી કોઇ દીવસ છુટકારો થનાર નથી તરૂણ સ્ત્રીએ કહ્યું.

બન્નેએ એક વિચાર કરી તુરત ઝુંપડામાંથી નીકળી પુર્વ દીશા તરફનો રસ્તો લીધો જેમ ફાવે તેમ પગમાં કાંટા, તેમ ઠોકરો વાગતાં દોડવા લાગી. લગભગ સવારના છ વાગ્યાના શુમારમાં એક ભયંકર ઝાડીમાં આવી ચડયાં. સુર્યનારાયણે પોતાનો પ્રકાશ વીનામુલ્યે પૃથ્વી પર ખુલ્લો કર્યો. પરંતુ ઝાડીમાં સહેજસાજ ઊજાસ માલમ પડયો. આખી રાતનો ઊજાગરો તેમ દોડવાથી થાકને લીધે બન્ને એક ઝાડ નીચે વિશ્રાન્તી લેવા બેઠાં. ભુખથી આકુળવ્યાકુળ થઇ ફળ—ફુળાદીક ખાઇ એક પાસેના તળાવમાં પાણી પી, થોડીવાર વીસામો લઇ ખલાસીઓની બીકથી પાછી મુસાફરી શરૂ કરી લગભગ સાયંકાળ સુધી ચાલવા છતાં ભયંકર ઝાડીનો અંત આવ્યો નહિ. ત્યારે રાતના માટે ત્યાંજ વીશ્રાન્તી લેવા વિચાર કરી એક ઝાડની નીચે આવી બેઠાં. વાઘ, વરૂ વીગેરે જંગલી જાનવરોના ભયંકર શબ્દ સંભળાવા લાગ્યા પરંતુ, હીંમત નહિ હારતાં દુ:ખ સહન કરી બેઠાં. લગભગ એક કલાક પુરો નહિ થયો હોય એટલામાં એકાએક અજવાળુ માલુમ પડયું અજવાળાનો પ્રકાશ મીનીટે મીનીટે વિશેષ જણાવા લાગ્યો. તેજ અજવાળામાં એક ચાર ઘોડાનો રથ જતો હોય તેમ જણાયું.

તેની પાછળ ૧૦૦-૧૫૦ પાંચ હાથ લાંબા શા . રંગના હથીઆર બંધ રાક્ષસ જતા જોયા. આ બધું બીકથી સહન કરી જોયા કરતી હતી. રથ અને માણસોના ગયા પછી એક હાથી તેમની નજરે પડયો. તે હાથી સ્થીર જણાયો તે પરથી તે પથ્થરના ઘાટનો હોવો જોઇએ. પ્રકાશ એક કલાક રહી શાન્ત થયો. આ અજવાળુ શાથી થયું હશે? અહીં કોણ હોવું જોઇએ? હાથી દેખાણો તે શું? હાથી પાસેથી રથ અને માણસો નીકળતા જોયા તે રાતના અહીં કયાંથી? અજવાળુ શાથી બંધ થયું? અહીં આવી શી ચમત્કારીક બાબત હશે? વીગેરે વિચારોમાં લગભગ સવાર થવા આવ્યું ત્યારે સુર્યના પ્રકાશને લીધે રાતના જે હાથી તેમના જોવામાં આવ્યો હતો તે લગભગ ૨૦૦ કદમ દુર જણાયો. તુરત બન્ને જણીઓને તે આરસ પથ્થરનો હાથી જમીન સાથે જોડાણ કરી બેસાડેલો હોય તેમ જણાયો. ચારે બાજુ હાથ ફેરવતાં ખાત્રી થઇ કે જરૂર આરસ પથ્થરનો છે આવો હાથી આ ભયંકર જંગલમાં મુકવાનું શું કારણ? કોણે આ મુર્તી કોતરાવી, કેવા હેતુથી અહીં મુકી હશે? વિગેરે વિચારોમાં હાથી ઉપર હાથ ફેરવતાં જોવા લાગ્યાં તો તેની સુંઢ પાસે એક લોખંડની સાંકળ લટકતી લીલાદેવીએ જોઇ. ત્યારે લીલાદેવીએ આ સાંકળ જોરથી ખેંચી પણ ખેંચી શકાઇ નહિ તેથી પેલી તરૂણ સ્ત્રીની મદદથી સાંકળ બે હાથ ખેંચાઇ બહાર આવી તુરત હાથીની સુંઢ ઉચી નીચી થવા લાગી. આ જોઇ બન્ને જણીઓ નાસવા જાય છે. એટલામાં એકજ ઝડપથી બન્ને જણીઓને હાથીએ સુંઢમાં પકડી પોતાના પેટમાં સમાવેશ કરી દીધો.

પ્રકરણ ૧૪

એક બાજુ મારા ૨૦૦૦ દેશી ભાઇઓ અને એક બાજુ મારો પ્રાણ.

છબીલદાસ શેઠ સ્ટીમરમાં આફ્રીકા રવાના થયા. પવન સારો હોવાથી સ્ટીમર ધાર્યા મુજબ બંદરોમાં ટાઇમસર પોચવા લાગી હવે હું ક્યાં જઇશ ? મારી શી ગતિ થશે. વિગેરે વિચારોમાં છબીલદાસ દીનપ્રતિદીન ઉદાસ રહેવા લાગ્યા લગભગ અઠવાડીઆ પછી એક ભાટીઆ ગૃહસ્થ જોડે તેમને સારી ઓળખાણ થઇ તેની નેરોબીમાં સારી પ્રખ્યાત પેઢી હોવાથી પોતાના ત્યાં રહેવા હીંમત આપી. આ હીંમતથી છબીલદાસને કંઇક આનંદ થયો પરંતુ જ્યાં ઇશ્વરની કૃપા સંપૂર્ણ હોતી નથી ત્યાં પોતાના ઘરનું પાણી પણ શત્રુ થાય છે. સ્ટીમર સુસવાટા કરતી ચાલી જાય છે. એવામાં રાતના બાર વાગ્યાના સુમારે એકાએક મોટો ધડાકો થયો. શું થયું ! ધડાકો શાનો ! શું કંઇ તોફાન છે ? વીગેરે શબ્દો બોલતા પેસેન્જરો એક બીજાને પુછવા લાગ્યા. ધૈર્ય વીનાના કેટલાકો રડવા લાગ્યા. આથી સ્ટીમરમાં કોલાહાલ મચી રહ્યો ત્યારે છબીલદાસ હીંમત કરી કપ્તાનને પુછવા લાગ્યો ત્યારે કેપ્તાને જવાબ આપ્યો કે કંઇ હરકત નથી. જરાએક ચક્કર ભાગી ગયું છે તેને દુરસ્ત કરવાથી સ્ટીમર ચાલશે.

મહેરબાન ચાલશે શું ? આપ જુઓ તો ખરા કે સ્ટીમરને એક મોટું બાકુ પડી તેમાં પાણી ભરાવા લાગ્યું છે હું તો ધારૂં છું કે કલાકમાં સ્ટીમર બુડશે. છબીલદાસે અંગ્રેજીમાં કહ્યું.

હા, આપના કહેવા મુજબ છે પરંતુ આપને ખરી હકીકત કહેવાથી સ્ટીમરમાં ભયની વિશેષ લાગણી થાય. સ્ટીમર બચાવવાનો હવે મારો ઉપાય નથી કપ્તાને જવાબ આપ્યો.

ત્યારે તમારે પ્રથમ બંદોબસ્ત કરવો જોઇએ કે લાઇફ બોટો છોડી તમામને સ્ટીમરમાંથી બચાવી લેવા. અને આ બંદોબસ્ત એક મીનીટમાં નહિ થાય તો તમામના જાનની ખુવારી છે છબીલદાસે કહ્યુ.

તુરત, લાઇફ બોટો છોડવામાં આવી એક પછી એક આગળ પડીને બોટોમાં પોતાની બેઠક લીધી. ફક્ત છબીલદાસે તમામ ઉતારૂઓના છુટકારા થયા બાદ જગ્યા હોય તો બેસવું નહિ તો પોતાનો પ્રાણ દરિયાને ખુશીથી સોંપી દેવો. આવા વિચારથી, બીજાઓને ઉચકી ઉચકી, બોટોમાં બેસાડવા મદદ કરી પોતાના મીત્ર ભાટીઆ ગૃહસ્થને બોટમાં તેનો પ્રાણ બચાવવા બેસાડવામાં આવ્યો અને તમામ બોટો ભરાઇ રહ્યા પછી ફક્ત કપ્તાન અને છબીલદાસ માટે જગા ન હોવાથી, બુડતી સ્ટીમરના કીનારાપર ઉભા રહ્યા. છુટકારો થયેલા તમામે કહ્યું. તમો તમારો પ્રાણ શામાટે ખુવો છો ? તમો કહો તો હમારામાંથી બે જણ સમુદ્રમાં પડી તમારા માટે જગા કરીએ કારણકે આ લગભગ બે હજાર ઉતારૂઓના જીવ બચાવનાર તમે જ છો. વહાલા બંધુઓ, તમારા જીવ બચાવનાર શ્રીપરમાત્માછે. હમોએ કંઇ મદદ કરી છે તે મારા બહાદુર અંગ્રેજભાઇઓ અને મારા સ્વદેશભાઇઓ માટે છે તેમાં કંઇપણ વધારે કર્યું નથી. મારા દેશી ભાઇઓના જીવ બચતા જોઇ આ ટાણે મને જે હર્ષ ઉત્પન્ન થાય છે તેના આગળ મરણ હું કંઇ હીસાબમાં ગણતો નથી. આપ સર્વેના

પ્રાણુ બચ્યા તેમાંજ મારૂં હીત સમાયેલું સમજું છું. અહા, શું સ્વદેશ પ્રેમ. પાંચ મીનીટમાં સ્ટીમર ડૂબી. સ્વદેશભક્ત છબીલદાસે પોતાનો પ્રાણ બુડતી સ્ટીમરજોડે જોતજોતામાં દરિયાને સોંપી દીધો.

ભજનસાગરમાં કહ્યું છે કે,—"કોઇનો ભાર ન રાખે મોરારી આપે વ્યાજ શીખે અથવાળી" આવી રીતે ઇશ્વરમદદથી છબીલદાસ ના હાથમાં સ્ટીમરનું એક પાટીયું આવવાથી તેનાપર તરવા લાગ્યો, ત્રણચાર દીવસ દરિયાની સપાટીપર પછડાયા કર્યો છેવટ એક કીનારા તરફ આવી પહોંચતાં ત્યાં ફરતા મચ્છવાવાળાઓએ તેને બચાવી લઇ મચ્છવામાં બેસાડી કીનારાપર લાવ્યા. તેને યોગ્ય ઉપચારો કરી સાવધ કરી નેરોબી જતી ટ્રેનમાં રવાના કર્યો ત્યાં તેમના ભાટીઆ ગ્રહસ્થો કરસનદાસને જઇ મળ્યો. છબીલદાસને આવતો જોઇ અતિ હર્ષથી કરસનદાસ ભેટી પડી હર્ષનાં આંસુ આવ્યાં, પોતાની દુકાનમાં ભાગ કરી, વેપાર કરવા લાગ્યા. પરમાત્મા ભાગ્યને ફેરવે છે, ત્યારે અવળા પાસા પણ સવળા પડતા જાયછે તેમ છબીલદાસને વેપારમાં અત્યંત લાભ થવા લાગ્યો. અહીં તેની સારી પ્રશંસા થવા લાગી, અને જોત જોતાંમાં છબીલદાસ નીતિને રસ્તે ચાલવાથી કરસનદાસ જેવા મીત્રની મદદથી એક લક્ષાધીપતિ શેઠીઓ આફ્રિકામાં થઇ પડયો.

પ્રકરણુ ૧૫ મું.

અજાયબી ગુપ્ત દ્વાર અને સુનિતિનોઉદય—

(વાંચકો આપણે હવે છબીલદાસની પત્ની લીલાદેવી તરફ જોઇએ.)

બંન્ને જણીઓને હાથીએ પોતાની સુંઢમાં ઘાલી પેટમાં સમાવેશ કરી દીધો અંદર ગયા પછી તેમને માલુમ પડયુ કે આરસ પથ્થરનો હાથી પરંતુ તે ગુપ્ત દવાર હોવુ જોઇએ અંધકાર જણાવા લાગ્યો એક બીજાની આંગળીઓ પકડી જેમ જવાય તેમ ચાલવા લાગ્યાં લગભગ બસેં કદમ ગયાં હશે એટલામાં પગથીયાં ઉતરતાં હોય તેમ જણાયું થોડે છેટે ગયાં ત્યારે એક ભીંત તેમના હાથ લાગી. દવાર માટે ચારે બાજુ ભીંતો તપાસી પણ જવાનો માર્ગ મળ્યો નહિ. છેવટે નિરાશ થઇ પાંચ મીનીટ બેશી પાછો પ્રયત્ન ચાલુ રાખ્યો ત્યારે એક લોખંડનું કડુ તેમના હાથ આવ્યું. આ કડુ ખેંચવા લાગ્યાં પણ ખેંચાણું નહિ પરંતુ જે ઠેકાણે તેઓ ઉભાં હતાં ત્યાંથી જમીન ફાટતાં બન્ને જણીઓ ધરતીમાં સમાઇ ગઇ અને તુરત પાછું દવાર બંધ થયું. આ જમીન નહોતી પરંતુ ગુપ્ત દવાર હોવું જોઇએ. બન્ને જણીઓના પડવાથી કંઇ વાગ્યું ત્યાં પણ એક વિશાળ મકાન જણાયું. અહીં તેમને સેજસાજ પ્રકાશ માલુમ પડતો હતો છતાં તે મકાનમાંથી જવા માટે દવાર જણાયું નહિ છેવટે તેમના હાથ એક સંચા જેવું માલુમ પડયું ત્યારે લીલાએ અજાણ્યે તેને પકડી જરા હલાવવાથી એક પછી એક ચકરો ફરવા લાગ્યાં. પા કલાક સુધી

ખટાખટ, ખટાખટ, ચાલુ રહ્યું. આથી બન્ને જણીઓને ઘણી બીતી લાગી પણ તેમાં ઉપાય કોનો. છેવટે સંચો બંધ થયા પછી ઓચીંતુ ભીંતમાંથી એક દવાર ખુલતાં જણાયું તેમાં બન્ને જણીઓએ પ્રવેશ કર્યો જેવી પાછળથી લીલા નીકળવા જાય છે કે તુરત ધક્કો મારી કમાડ બંધ થયું. આ ધક્કાથી લીલા પાંચ કદમ દુર જઇ પડી અહીં એક અંધારા ઓરડામાં તેઓ આવ્યાં. ત્યાં સેજસાજ પ્રકાશ હતો પણ નહીં જેવોજ. તેમાં તમામ ખુલ્લાં હથીયારો જણાયાં. સીધો રસ્તો જવાનો હતો પરંતુ ત્યાં જતાં દ્વાર નહોતુ પરંતુ હથીઆરો વચ્ચે થઇને જવાય તો આડે માર્ગે એક બાજુ દરવાજો જણાતો હતો છતાં ત્યાં જવાની હીંમત થઈ નહિ. કારણ કે ત્યાં જવાથી હથીયારોથી કપાઇ જવાય. તેમ ધાસ્તી હતી. છેવટ ત્યાં કંઇપણ ઉપાય ન ચાલવાથી થાકીને બેસી ગયાં. ભુખ, તરસથી પીડાવા લાગ્યાં. એટલામાં લીલાના હાથમાં જમીન ઉપર ચોડેલું લોખંડનું કડુ જણાયું તેને આમ તેમ ફેરવતાં ખેંચી જોયું તો એક દાદર ઉતરવાનો જણાયો. દાદરનાં દશ પગથીયાં ઉતરી એક રૂમમાં દાખલ થયાં. ત્યાં એક સ્ત્રીને રત્ન જડીત સીંહાસન પર બેઠેલી જોઇ હીરા જડીત સીંહાસન તેમ ઇંદ્રપુરી જેવા ઓરડો શણગારેલો હતો આ બંને જણીઓ તે સ્ત્રી પાસે ગઇ પરંતુ તેના તરફથી કંઇપણ આવકાર મલ્યો નહિ છેટેથી જીવતી સ્ત્રી હોય તેમ લાગતુ હતુ પરંતુ પાસે જતાં તે પથ્થરની મુર્તી જણાઇ લીલાએ આસ્ત્રીની આજુબાજુ દ્રષ્ટી ફેરવી જોયું તેમ તે ઓરડામાં ચારે બાજુ જુયું તો કોઇ ઠેકાણે દરવાજો નહોતો અહીંથી કયાં જવુ તે વિચારમાં પડયાં જરૂર અહીં ક્ષુધાથી પ્રાણ જશે તેમ અહીં કોઇ બચાવી શકે તેમ નથી. આવા વિચારો કરતાં

વિશ્રાન્તી લીધી. લીલાની દ્રષ્ટી એક ઘડા તરફ પડી પણ તેમાંથી પાણી કેમ પીવુ? તે કોનુ હશે? માટે નહિ પીવુ એમ ધારી રાત ત્યાં પસાર કરી. છેવટે બીજા દીવસે લીલાને વિચાર સુજ્યો કે હવે મરવુ તો છેજ માટે જે થાય તે ખરૂ તેમ ધારી તેઓને સીંહાસન પરથી ઉચકીને નિચે મુકી દીધી. તો તેની બેઠક નીચે એક ભોંયરામાં જવાનો માર્ગ જણાયો તે ગુપ્ત માર્ગમાં જતાં એક બાગમાં આવી ચડ્યાં અહીં ફળફળાદી ખાઇ સરોવરમાંથી પાણી પી. એક ઝાડ નીચે વિશ્રાન્તી લેવા બેઠાં હવે લીલાને કંઇક ઉમંગ થયો, પરંતુ તે ઉમંગ ક્યાં સુધી! પાચ મીનીટમાં એક ભયંકર ગર્જના કરતો એક રાક્ષસ આવી ઉભો રહ્યો ત્યાંથી બન્ને જણને ઉચકી એક પર્વતપર લઇ ત્યાં કેદ કરી ચાલતો થયો હવે આ બન્ને જણીઓને બચવાની લેશ પણ આશા જણાઇ નહિ આ વખતે લીલાદેવીનું હૈયું ભરાઇ આવ્યું. અરે દૈવ તુંજ પવીત્ર અને સત્યથી ચાલનારનેજ સતાવે છે હે કઠોર હૃદયના તારે આમ કરવું હતું તો મને શા માટે જન્મ આપ્યો? નિતિને રસ્તે ચાલનારને તું આ પ્રમાણે દુઃખી કરશે તો તારા યશ-ગાન કોણ ગાશે? ઉલટા તને લોકો ગાળો દેશે. સતિ ધર્મથી ચાલી પતિની સેવા બજાવી તેનોજ બદલો આપ્યો, તુંજ નિર્દય છે તને દયાનિધી કોણ કહેશે! થનાર હોય તેમ થાઓ હવે ક્યાં સુધી તું દુઃખી કરશે? જરા તો દયા કર. તારા વિના સત્યને રસ્તે ચાલનારને મદદ કોણ કરશે? પતિએ તરછોડી પણ તારા તરછોડવાથી હું ઘણી દુઃખી થાઉ છું. પ્રભુ એક વાર મારો હાથ ગ્રહો, દુઃખીની રક્ષા કરો, આમ કહેતાં લીલા રડી પડી. ક્ષુધાથી શરીર સુકાવા લાગ્યું, તૃષાથી કંઠ રૂંધાઇ ગયો એટલામાં એક કારમી ચીસ પાડી. લીલાની

સખી ક્ષુધાથી દુઃખી થઇ હમેશને માટે લીલાને તરછોડી પ્રભુના દ્વાર માં પોચી ગઇ. શરીર કાષ્ટવત થઇ પડયું. સખી સખી, તું શું આ દુઃખી લીલાને મુકી ચાલી ગઇ. પ્રભુના દ્વારમાં મારી અરજ કરજે. હે દયાનિધી હવે મને ખાત્રી થઇ કે આપજ મારાપર રૂઠયાછો. આ સખીનું સુખ પણ શું આપને ગમ્યું નહિ. હે કઠોર હૃદયના, હવે તારા આધારે ક્યાંસુધી રહું. હવે તો રંકને તારી હજુરમાં બોલાવી લે તો તારો મોટો આભાર માનું. અરે, હુંજ મુર્ખ છું. ઇશ્વર જે કરે છે તે સારૂંજ કરે છે. મારાં પુર્વ જન્મનાં ફળ ભોગવવાં પડે છે તેમાં તેનો શું દોષ. આ જન્મમાં તેને ગાળો ભાંડી શા માટે પાપમાં પડું, તેણે ધાર્યું હશે તેમ થશે. હવે શું થવાનું છે ? એક મીનીટમાં આ પ્રાણ તેને સોપી દઉં છું. હે પરમાત્મા સત્યથી ચાલનારની તેં કસોટી કરી રઃખી કરી, પણ આ રંક દાસી તારા પાસે છેવટ એટલું માગે છે કે આવી દુઃખી તું કોઇને કરીશ નહિ. સ્વામી હવે હું જાઉં છું. ઇશ્વર તારી હજુરમાં આવવા રસ્તો ખુલ્લો રાખ કહેતાં દાંતે જીભ લઇ મુર્છા ખાઇ પડી. એટલામાં એક સ્ત્રી સુંદર ભોજન પાત્ર અને પાણીનો કળશ લઇ દાખલ થઈ. બહેન શાણુર તારા આત્માને શા માટે દુઃખી કરે છે, આ ભોજન લઇ પાણી પી. તારા મનને શાન્ત કર. આ સાંભળી લીલા કંઇ સુદ્ધીમાં આવી અને તેના પાસેથી પાણી પીઇ ભોજન લેતાં કંઇ શાન્ત થઇ. અને તે સ્ત્રીના કહેવા મુજબ ગુપ્ત દવારમાંથી બન્ને નાશી છુટયાં. ૭ સાત દીવસ ભોંયરામાં ચાલવાથી એક નદી પર આવી પોચ્યાં. તે તાપી નદી હતી. તેના કીનારે કીનારે જતાં સુરત શહેરમાં આવી ચડયાં. ત્યાં પોતાના બાપ ને ત્યાં જઇ મળી સર્વે વૃતાંત જણાવ્યો છબીલદાસ નેત્રોમાં પાણ-

દય શેઠીઓ થઇ પડયો છે તે સમાચાર સાંભળી અત્યંત ખુશી થઇ-નેરાબી તાર કર્યો તાર વાંચી છબીલદાસ સુરત આવી પહોંચ્યા. ત્યાંથી લીલાદેવીને સાથે લઇ મુંબાઇ આવી એક બંગલો ભાડે રાખી ઝવેરીની પેઢી ઉઘાડી અને લીલાના વચનો પ્રમાણે ચાલવા લાગ્યા સુગુણરાય મીત્રને પોતાનો મુનીમ બનાવી તમામ વહીવટ તેમને સોંપી દીધો જોતજોતામાં છબીલદાસ શેઠ મુંબાઇના શેઠીઆઓમાં પ્રખ્યાત ગણાવા લાગ્યા અને સત્યથી ચાલવાથી છબીલદાસ લક્ષાધીપતિ શેઠીઆ થઇ પોતાના સુખે દીવસો ગુજારવા લાગ્યા સુનીતિનો ઉદય દીન પ્રતિદીન થવા લાગ્યો.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર ગ્રહસ્થોના મુબારક નામો.

કેટલાક શ્રીમાન ગૃહસ્થોએ જથ્થાબંધ બુકો માટે મદદ આપી છે પરંતુ નામ પ્રગટ નહી કરવા ભલામણ કરવાથી તેઓશ્રીનાં નામો દાખલ કરવામાં આવ્યાં નથી.

ઠંડર.

૧૫૦ મે. લલ્લુભાઇ જેશંકર રેવન્યુ સેક્રેટરી સાહેબ.

૧૦૦ બાબુ છોટુભાઇ પરમેનન્ટ વે. ઇન્સપેક્ટર

૨૫ રા. રા. મગનલાલ કીશોરભાઇ સ્ટે. માસ્તર

૨૦ બાપાલાલભાઇ ટાઇમકીપર

૨૦ દેવશંકર પુરસોતમ સીરેસ્તદાર આસીસ્ટંટ પ્રાઇવેટ સેક્રેટરી

૨૫ ઠાકોરદાસભાઇ ડીરેક્ટરી મેનેજર

૮ પ્રેહલાદ કાશીરામ મણીઆર

૨ રામશંકર કરુરામ કલાર્ક.

૬ ડાહ્યાલાલ મુલચંદ ભંડારી સીરેસ્તદાર ફોરેસ્ટ ઓફીસ

૩ રેવાશંકર જયશંકર શાહેર કારકુન

૨ ભીમજી સવજી દાણી

૧ ચુનીલાલ નેમચંદ નાગર

૧ વેણીચંદ કેશવજી મહેતા

૨ વીઠ્ઠલ લક્ષ્મીરામ રાવેલ

૧ શાહ ચુનીલાલ હરીચંદ તલાટી

૧ આશાભાઇ બહેચર શાહ

૨ શાહ જીવરાજ હીરાચંદ

૫ વીરચંદ મોતીચંદ મારફતીઆ

૧ શાહ મોહનલાલ મુલચંદ

૧ વનજી જવાનજી ચહુઆણ

૫ ગોસાંઇશ્રી શંકરગરજી મોહનગરજી

૩ શેઠ કેવલદાસ રાવજી

૫ દેવચંદ વીરચંદ વકીલ

૨ શાહ ચુનીલાલ મોતીચંદ

૧ ચકુલાલ ગીરધર નાગર

૪ ગુલાબખાં સુજાતખાં બેરોજ ફોજદાર

૮ શ્રીમહંત ગુસાંઇશ્રી કેશવગરજી

૨ ફતુલ બાદર વકીલ.

૪ સૌ. સરસ્વા બેન હેડમીસ્ટ્રેસીસ કન્યાશાળા
૧૦ શાહ મોહનલાલ પુલચંદ

ભીલોડા.

૨ શાહ પાનાચંદ મુલચંદ
૨ શેઠ છગનલાલ નાહાનચંદ
૧ શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ
૧ પુરસોતમ મોહન સ્કુલ આસીસ્ટંટ
૧ પંડ્યા મણીલાલ ગુલાબરામ મોનીટર સ્કુલ
૧ ત્રવાડી અંબાલાલ જદુરામ

ચાંદરણા.

૨૦ નેકનામદાર ઠાકોર સાહેબશ્રી દોલતસીંહજી સાહેબ
૫ મોહનલાલ જયશંકર કામદાર

મુંબઇ.

૪ વૈદ હરગોવીન્દ હરીદત્ત ઠાકર
૩ જાની નરબદાશંકર પ્રાણનાથ
૩ જાની હરગોવીન્દ ભાઇશંકર
૧ વ્યાસ ધનેશ્વર અમુલખ સીપીટંક રોડ
૧ જાની જદુરામ નરભેરામ „
૧ શાહ પ્રેમચંદ ડાહ્યાભાઇ ચંદાવાડી
૧ જ્યાની કુબેર શીવરામ સીપીટંક રોડ
૧ જાની મુલજી પીતામ્બર સીપીટંક રોડ
૩ જાની અમરતલાલ નાથુરામ

ટીટોઇ.

૧ ગાંધી છગનલાલ મુલજી
૧ કરૂણાશંકર મહીધર ઠાકર
૧ પુરસોતમ સારથરામ ભટ
૧ શાહ કોદરલાલ દેવચંદ ગોડાદર તલાટી
૧ વીલેજ પોષ્ટમેન મગનલાલ અમીચંદ
૧ શાહ પ્રેમચંદ છગનલાલ
૧ વીલેજ પોષ્ટમેન શામળા વસ્તા
૧ કે. વી. ભટ ફોટોગ્રાફર
૧ શંકરલાલ ગણપતરામ માનીટર
૧ જેઠાલાલ દુરગાશંકર
૨ મોતીલાલ નીત્યારામ હેડમાસ્તર
૧ ભોગીલાલ ખેમચંદ શાહ
૧ શાહ સાંકળચંદ લલ્લુદાસ

૧ ધાંચી ઇસબ ખાતરા
૧ ખેમચંદ તુળસીદાસ
૧ અંબાલાલ બાપુજી મહેતા
૧ ભટ ગંગારામ જહુરામ
૧ મુળજી નાથજી શાહ
૧ મનસુખલાલ મગનલાલ પારેખ
૧ છોટાલાલ ખેમચંદ પારેખ
૧ પંડયા ખેમરામ હરીશંકર (કડીઆદરા)

વડાલી.

૧૦ ડૉકટર ઉમીઆશંકર નાથાભાઇ
૨ ચુનીલાલ કામેશ્વર કંપાઉન્ડર
૧ સરૂપચંદ આશારામ શાહ
૧ શાહ છોટાલાલ ચુનીલાલ
૨ નરોતમ દોલતલાલ માજી કંપાઉન્ડર
૧ શીવલાલ જાદવજી દોસી
૧ પંડયા નાથાલાલ મોતીરામ
૧ બળદેવ રેવાશંકર
૨ ભીખાલાલ ડોલતલાલ
૧ ભાઇશંકર માહાશંકર

સોરઠ.

૧૦ શાહ મકુકચંદ ગુલાબચંદ

ઉમસલ.

૨ રા. રા. દાણી ખેમચંદ નાહાલચંદ

બોરુડરા.

૧ સોની વીરચંદ કસ્તુર

કાનપુર.

૨ મોહનલાલ દાણી

ગોધમજી.

૧ ઠાકોરલાલ હાથીચંદ મહેતા

ગાબટ.

૨ છોટાલાલ છગનલાલ તલાટી

જામરા.

૨ લલ્લુભાઇ પુરસોતમ

સાબલી.

૨ મોહનલાલ મેધાશંકર દાણી

નાથાલાલ રાજારામ હેડમાસ્તર

૧ તુલજારામ વેણીરામ માસ્તર

૧ મગનલાલ હીરારામ રાધીવાડ

સબલપુર.

૧ મોહનલાલ દોલતરામ દાણી

આચડ.

૧ ડા. કેશવલાલ નરસીદાસ

૧ ગુલાબસીંહ હરજણસીંહ ફોજદાર

૧ દામોદર રેવાશંકર મહાલકારી

૧ નર્મદાશંકર ગુલાબરાય શાયર કારકુન

૧ શીવલાલ ધરમચંદ ડેપો ક્લાર્ક

૧ છગનલાલ નરસીદાસ

૧ પ્રેમજી ખાતુજી

૧ શા. રવચંદ પદમશી તલાટી મહીયલ

૧ ત્રીભોવન દેવશંકર નાકાદાર „

૧ જોશી છગન કાલીદાસ મતાદાર „

૧ દામોદર પ્રાગજી અવલ ક્લાર્ક

૧ શામળ હલસુખ તલાટી હીરાપુર

૧ હરગોવન હરજીવન તલાટી ધંસરી

૧ લક્ષ્મીરામ મોતીરામ તલાટી બીબીપુરા

૧ લલ્લુ રણછોડ તલાટી રડોદરા

૧ ખાનસીંગ ઉદેસીંગ નાકાદાર

વાંકાનેર.

૧ શાસ્ત્રી ભુરાલાલ ગણપતરામ

૧ ઠાકર દયારામ પુરશોતમ

૧ „ સાંકલેશ્વર વાસુદેવ

૧ પ્રભાશંકર હીરારામ

૧ મોહન ખાતુ

કુકડીઆ.

૫ લીલાધર ત્રંબકલાલ ત્રવાડી.

વસાઇ.

૫ હેડમાસ્તર મુગટલાલ

૧ અમીચંદ પ્રેમચંદ

૧ હાથી ખુમજી

મુડેટી.

૫ હેમચંદ જીવરાજ

ઇશાલીઆ.

૨ મહાશંકર અનોપરામ કામદાર

૧ ભોગીલાલ પ્રભુજી સ્કુલમાસ્તર

૧ પરવતસીંહજી વીરજી રાણા

બડોલી.

૨ ભટ પ્રભાશંકર ઉગરેશ્વર

૧ દેવદત દોલતરામ જ્યાની

૫ અંબાલાલ ધનેશ્વર તલાટી

૨ વહાલજી ઝવેરચંદ પટેલ

ઘોડાદર.

૨ ઘોડાદર રાજ્ય લાયબ્રેરી

હીંમતનગર.

૨ છોટાલાલ મગનલાલ વેકસીનેટર ઇન્સ્પેક્ટર

ક્રોડ્ડા.

૧ જદુરામ કાશીરામ પુરોહીત

વીરપુર.

ગોવીંદજી લખાભાઇ હેડમાસ્તર

ગઇ'લાલ દેવશંકર માનીદર

૧ જોશી. શંકર અમુલખ

૧ પરમાર જેશાજી કાનજી

૧ બાપાલાલ આદીતરામ મહેતા.

૧ કાનુસીંગ જેસસીંગ સોલંકી

ધાંલવણી.

૨ શા. કચરા કાલીદાસ

ટોરડા.

૧૦ શા. અમુલખ ગુલાબચંદ

ચીઠોડા.

૧ મહેતા લલ્લુ પીતામ્બર નાકાદાર

પાલ.

૧ મણીલાલ સુરચંદ નાકાદાર

ટાંકાટુંકા.

૫

૨

૧